Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૭ · અંક : ૨૪ · તા. ૦૭ થી ૧૩ જૂન ૧૪ · વાર્ષિક લવાજમ ૫૦ · Regn.No. MH/MR/East/53/2012-14

## અબડાસામાં જૈન બાળાઓની ધાર્મિક શિબિર - વિહારયાત્રા યોજાઈ



















# અબડાસામાં જૈન બાળાઓની ધાર્મિક શિબિર - વિહારયાત્રા યોજાઈ























# અબડાસામાં જૈન બાળાઓની ધાર્મિક શિબિર યોજાઈ

## ૨૧ બાળાઓએ દીક્ષા લેવાના ભાવ વ્યક્ત કર્યા
## ૧૮૦ બાળાઓએ ભાગ લિધો.

પ.પૂ. સાધ્વીશ્રીજી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૧૨ની શુભપાવન નિશ્રામાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા વિહારયાત્રા, તિર્થયાત્રા સહ કન્યા જ્ઞાન શિબિર તા. ૨૪.૫. થી ૨૮.૫.૨૦૧૪ સુધી કચ્છ અબડાસા મધ્યે યોજાઈ હતી.

આ શિબિરનો સંપુર્ણ લાભ દાતાશ્રી માતુશ્રી ખેતબાઈ હંસરાજ વિસનજી લોડાયા પરિવાર- અરિખાણા અને સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી (જૈન) પરિવાર - કોઠારા એ લીધેલ.

શિબિરાર્થી બાળાઓએ પાંચ દિવસ એક તિર્થથી બીજા તિર્થ સુધી પગપાળા ચાલીને વિહાર યાત્રા પણ કરી હતી.

સાંધવ ગામથી શિબિરનો પ્રારંભ કરાયો હતો. ઢોલ, શરણાઈ, બેન્ડ પાર્ટી - શણગારેલી કચ્છી વેલ, બગી, ઊંટગાડીઓ ધ્વજા - પતાકા, બેનર મુખ્ય આકર્ષણ બન્યા હતા. સાંધવ - વરાડીયા - કોઠારા - સાયરા - સુથરી ગામોની પદયાત્રા થઈ હતી. દરરોજ તિર્થ પ્રવેશે ભવ્ય સામૈયા થયા હતા. સામુહિક પ્રભુદર્શન, ગુરૂવંદન માંગલિક - અનુષ્ઠાનો - ધાર્મિક જ્ઞાન શિબિર, પ્રતિક્રમણ, સંગીત સથવારે ભાવના વિગરે કાર્યક્રમો પાંચે દિવસ યોજાયા હતા.

શિબિરાર્થી બાળાઓને સત્કારવા પાંચે ગામોનાં આગેવાનો મુંબઈ - દેશાવરથી - ટ્રસ્ટીગણો - ગામવાસીઓ સારી સંખ્યામાં પોતાના વતનમાં પધાર્યા હતા. દરેક ગામના ભાવિકોએ ઉમળકાભેર બાળાઓને સત્કારી હતી. શિબિરના લાભાર્થી દાતા પરિવારોના ખેતબાઈમાં, પ્રવિણભાઈ, જયેશભાઈ તથા દાતા પરિવારના પરિવારજનો તેમજ શાંતિ ગ્રુપના ગોવિંદજી પટેલનું ગામેગામ સ્વાગત કરવામાં આવેલ.

કન્યાઓ માટેની તિર્થ યાત્રા સહ જ્ઞાન શિબિરમાં કચ્છના પ્રાચીનતિર્થો - સાંધવ - વરાડીયા - કોઠારા - સાંયરા - સુથરીના નયનરમ્ય તિર્થોના દર્શન, ગુરુભગવંતોના સથવારે જિનશાસનનાં સિદ્ધાંતો - સંસ્કારોની સરવાણી, પ્રભુ ભક્તિના રહસ્યોની સુંદર સમજ સાથે ધાર્મિક જ્ઞાન પુરું પાડવામાં આવેલ.

દરરોજ સવારે ઢોલ શરણાઈનાં સુમધુર સુરો સાથે વાજતે - ગાજતે એક તિર્થથી બીજા તિર્થ પદયાત્રા, બેન્ડ પાર્ટી, વીરમગામથી ઢોલીઓ અને શરણાઈ વાદકો સાથે ગામોગામ શિબિરાર્થીઓ પૂજયશ્રી, સંઘપતિઓના સામૈયા. વહેલી સવારે તિર્થ વિહાર યાત્રા માટે વંદના, માંગલિક, દેરાસરજીમાં પ્રભુના દર્શન - સાધ્વી વૈયાવચ્ચ, પુજ્યશ્રીઓના મનભેદી પ્રવચનો, ભવ્ય પુજનો - અનુષ્ઠાનો, ભક્તિ ભાવના, પ્રભુજીની નિતનવી નયનરમ્ય અંગરચના, મહાપુજા, ઝગમગતા ઝુમરોમાંથી દિપક રોશની અને સુંગધી ધુપની ધ્રુમસેરો સાથે મહાઆરતી, તપના તોરણ સાથે વિધિધતપોની હારમાળા, મધુરગીત - સંગીત સાથે આકર્ષણ રૂપ બની હતી.

સાંધવતિર્થે ૧૦૮ અભિષેકની શાંતિસ્નાત્ર અનુષ્ઠાન, વરાડીયાતિર્થે શ્રી નમિઉણ પાર્શ્વનાથ પુષ્પ પુજા, ભક્તિ અનુષ્ઠાન, કોઠારાતિર્થે શ્રી શાંતિનાથ જન્મ મોક્ષ આદિ કલ્યાણક પંચ કલ્યાણ અનુષ્ઠાન, સાંયરાતિર્થે ૫૬ દિક્ કુમારિકાએ દ્વારા પ્રભુ જન્મોત્સવ - સ્નાત્ર પુજા, સુથરીતિર્થે અષ્ટ પ્રકારી પુજા સહ ૧૦૮ પ્રદક્ષિણા અનુષ્ઠાન યોજાયા. સાંયરાતિર્થે જન્મ મોક્ષ કલ્યાણકમાં રાજા અને રાણી અ.સૌ. હિના - જયેશ જૈન, પ્રિયવંદા દાસી કીર્તિ હરીયા બની. જે પ્રિયંકા દાસની ભુમિકા ખરેખર જોવા લાયક હતી. ૫૬ દીકુકુમારીઓએ પણ સારી ભુમિકા ભજવી ૮૦૦૦ રૂા. ઈનામો મેળવેલ. દરેક દાતાશ્રી ઓ તરફથી રૂા. ૩૦૦૦, સાંયરા મહાજન રૂા. ૧૫૦૦, ડુમરા મહાજન રૂા. ૧૫૦૦, ગોધરા રૂા. ૨૦૦૦ દાતા પરિવાર તરફથી મળેલ.

દરેક ગામના મહાજનશ્રી તરફથી બધીરીતે પુરી રીતે વ્યવસ્થા કરવામાં આવી ગામે ગામના અતિથિગૃહ મહાજનશ્રીની જયાઓ તેમજ ગામવાસીઓની જગ્યાઓમાં દરેક ગામમાં રહેવાની સારી વ્યવસ્થા કરવામેં આવેલ. રહેવા માટે તથા સુવા માટે ગાદલા - તકીયા - રજાઈ, રસોઈ બનાવા માટે રસોડાની વ્યવસ્થા દરેક ગામમા મહાજનશ્રીએ કરેલ..

આ આયોજન માટે આયોજકો અને દાતા પરિવારો દરેક ગામના મહાજનશ્રીના ઋણી છે. દરેક ગામમાં પક્ષીઓનેયણ કુતરાઓને રોટલા, જીવદયા, ગાયો માટે ચારો, અનુંકપા દાન દાતા પરિવારોએ ઉદાર હાથે કરેલ. ગામમાં પુરા દિવસની સાધર્મિક

ભક્તિ દરેક ગામમાં ઘર દીઠ મીઠાઈ તેમજ પ્રભાવના કરવામાં આવેલ.

સાંધવઃ ગામ વાસીઓ સર્વ હાજર રહ્યા હતા. ગામવાસીઓ, મુંબઈથી તેમજ દેશદેસાવરથી આવેલ તેમજ જૈનેતર સર્વ સામૈયામાં હાજર હતા.

**વરાડીયા :** નિરજંનભાઈ મોમાયા, વિનોદભાઈ ડાઘા, હિરાચંદ મોમાયા, લીનાબેન મોમાયા, આશાબેન ડાઘા, દીપકભાઈ ડાઘા, નલીન ડાઘા, શરદ મોમાયા, લહેરચંદ ડાઘા, મૃદુલાબેન ડાઘા, મધુબેન ડાઘા, પ્રિયાબેન મોમાયા, દિનેશ ડાઘા, વિનોદ મોતા, પદમ મોતા, ચેતન ડાઘા, મનીષ ડાઘા, મધુકાંત મોમાયા, મણીબાઈ મોમાયા, મીઠીબાઈ દંડ, નિર્મલાબેન મોમાયા, વસંત મોમાયા આદિ મુંબઈથી પધાર્યા હતા. દેવેન્દ્ર પટેલ ખુબજ સારી જહેમત ઉઠાવી હતી.

**કોઠારામાઃ** રાયચંદ લોડાયા, દિનેશ અજાણી, હેમંત અજાણી, વિરચંદ ધરમશી, ઉત્તમભાઈ ખોના, ખાસ મુંબઈથી પધાર્યા હતા. સ્થાનિક ધનપતિ લોડાયા, દિનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા હિરાલાલ જીવાણી, કેવલ નાગડા, મુલચંદ મુનવર આદિ કાર્યકરોએ ખાસ જહેમત ઉઠાવી હતી.

**સાંયરામા :** મુંબઈથી ભદ્રેશ પટેલ, શાંન્તિલાલ લોડાયા, રતિલાલ ધ્રોળ, વાલજીભાઈ ખોના, દિનેશ પટેલ, વિજય લોડાયા, હિરાચંદ ધ્રોળ, કાંતિલાલ સોની, વિજય ધરમશી, બીપીન મોમાયા, દીપક લોડાયા, જીગર લોડાયા, પદમશી લોડાયા, ઉર્વશીબેન સોની, હીરાચંદ પટેલ ખમાંવતી ખોના, પ્રેમીલા લોડાયા, રેખાબેન લોડાયા, જયાબેન લોડાયા પધાર્યા હતો. જહેમત ઉઠાવી હતી.

**સુથરી તીર્થઃ** રાયચંદભાઈ ધમરશી, ચિતુભાઈ છેડા, કીર્તિભાઈ લોડાયા, રાજેન્દ્ર ખોના, ચેતન મોમાયા, અશોક મોતા, મહેન્દ્ર પીર, ઉપેન્દ્રભાઈ શાહ, તરૂણબેન લોડાયા, નયનાબેન મોમાયા, સ્નેહાબેન મોતા, સરોજબેન ખોના, તારાબેન લોડાયા આદિ ખાસ મુંબઈથી પધાર્યા હતા.

સ્થાનિકે વાલજીભાઈ, જીગ્નેશ, ગીતાબેન કારાણી, કાંતાબેન પાલાણી એ જહેમત ઉઠાવી.

કોઠારા તિર્થે રાત્રે ભાવના, અમિતાબેન મોમાયા, જયાબેન મુનવર, ઈલા ખોના, ગીતા લોડાયા, નિર્મલાબેન મોમાયા એ આ સંસાર અધુરો છે... સંયમ માર્ગ મધુરી છે નાટક રજુ કરેલ. બાલિકાઓએ ચામરનૃત્ય રજુ કરેલ.

તા. ૨૯.૫ ના સવારના સુથરી તિર્થે શિબિર પુર્ણાહુતિ પ્રસંગે શિબિરાર્થીઓની અનુમોદના સહબહુમાન કાર્યક્રમ તિર્થ પરિસરમાં યોજાયો હતો. પ.પૂ. સાધવી વિપુલગુણાશ્રીજી આદિ અને પ.પુ. મહારાજશ્રીજીની નિશ્રામાં યોજાયેલ સમહારોહનું અધ્યક્ષ સ્થાન શેઠશ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી જ્યારે અતિથિ વિશેષ પદ ચિતુબાઈ બી. છેડા, રાજેન્દ્રભાઈ ખોના, તથા દાતા પરિવારના માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા, પ્રવિણભાઈ લોડાયા, સંગીતબેન લોડાયા, હીનાબેન જયેશ જૈને શોભાવ્યું હતું. ગુરૂવંદના બાદ સંગીતમય પઠન કરવામાં આવેલ. શિબિરાર્થી બાળાઓએ સ્વાગત ગીત રજુ કર્યુ હતું. રાયચંદભાઈ ધરમશીનું બહુમાન જયેશ જૈને, રાજેન્દ્રભાઈ ખોનાનું ગોવિંદજી પટેલે, ચિતુબાઈ છેડાનું - પ્રબોધ મુનવરે, દાતા ખેતબાઈ લોડાયા - પ્રવિણ લોડાયા, સંગીતાબેન લોડાયાનું બહુમાન રાયચંદભાઈ ધરમશી, જયેશ જૈન તથા વિજયાબેને કર્યું હતું. જયેશ જૈન - હીના - જૈન, જુગલ જૈનનું બહુમાન રાજેન્દ્ર ખોના - નયનબેન મોમાયા, સ્નેહાબેન મોતાએ કર્યુ હતું.

શિબિરાર્થીબાળાઓ દ્વારા પ્રવિણ લોડાયા, જયેશ જૈન, શાંતિજિન જાગૃતિ ગ્રૃપના ગોવિંદજીનું બહુમાન કરવામાં આવેલ. દાતા પરિવાર પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ. સુથરી તિર્થના ટ્રસ્ટીશ્રી કીર્તિભાઈ લોડાયાનું દાતા પરિવાર અને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ દ્વારા બહુમાન કરવામાં આવેલ. સુથરી મહાજનશ્રીનો ખાસ આભાર માનવામાં આવેલ. પુ. સાધ્વીશ્રી ભગવંતોનું દાતાશ્રી પરિવારો દ્વારા ગુરુપુજન કરી કામળી વહોરાવવામાં આવેલ.

ગ્રુપના કાર્યકર ભાઈ બહેનો આનંદ ઉમંગથી નાચી ઝુમી ઉઠયા હતા અને હોંશે, હોંશેરાસ રમ્યા હતા. પીરસનાર ગોવિંદ મહારાજ - અમદાવાદ અને ગીતસંગીતની છ દિવસ સુધી રમઝટ જમાવનાર કિશોરભાઈ સંઘારનું બહુમાન કરવામાં આવેલ. પુર્ણાહતિ નિમિત્તે ગામેગામના મહાજનો ગાંધીધામ, ભુજ, બારોઈ, બાયઠ, નલિયા, તેરા, જખૌ, કોઠારા, માંડવી, આરીખાણા, સાંધવ, સાંયરા, નેત્રા, બાંઢીયા સર્વે અમદાવાદ મહાજનના, ગુલાબભાઈ દંડ, વિરેન્દ્રભાઈ લોડાયા, જીતેન્દ્રભાઈ ખોના પધારેલ. મુલુન્ડથી હંસકુમાર મૈશેરી, બિપિનબાઈ સોનેરા, પાંચ દિવસના કાર્યક્રમમાં લઠેડી મહાજન માંડવી, ગોધરા, મેરાવા, ડુમરા મહાજન સર્વ મોટી સંખ્યામાં પધારેલ.

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 24/2014**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર મંગળવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# શોક સાંત્વનામાં ન પ્રદર્શન યોગ્ય, ન ભાવુકતા

મૃત્યુ અને મૃત્યુ પછીના વહેવાર માનવ જીવનની અટલ વાસ્તવિકતા છે. મૃત્યુ પછી મૃતકના આત્માને શાંતિ મળે એવી ભાવના વ્યક્ત કરવી તથા તેના પરિવારને સાંત્વના આપવી એ બહુ અગત્યના માનવીય સામાજિક વ્યવહારો છે.

આ લોક વ્યવહાર અતિ આવશ્યક ગણાયા હોઈ કોણે તેને કેવી રીતે નીભાવ્યા કે ન નીભાવ્યા એ માનવ સહજ રસનો વિષય છે. વર્ષો સુધી તેની વાતો યાદ રખાય છે.

છેલ્લા ત્રણ ચાર દાયકામાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જ નહીં સમસ્ત ભારતના બધા સમુદાયોના જીવનમાં આમુલ પરિવર્તન આવ્યું છે. મોટા શહેરનું તો ઠીક નાના શહેરોનું જીવન પણ ઘડિયાળના કાંટે બંધાવા લાગ્યું છે.

આ વાતાવરણમાં મૃત્યુ સંબંધી વહેવારોમાં ફેરફાર આવે એ સ્વાભાવિક છે. જોકે, આ સંબંધમાં બે વિરોધાભાસી પ્રવાહો જોવા મળે છે.

એક તરફ આજની દોડધામભરી જિંદગીને ધ્યાનમાં લઈને આ રિવાજોને સરળ બનાવવાના પ્રયાસ ચાલુ છે. મૃત્યુ અટલ છે અને એ બાબત ભાવુકતા દાખવવાથી કાંઈ ફાયદો થતો નથી, એ વાત ધ્યાનમાં લઈને મૃત્યુને જીવનની વાસ્તવિકતા તરીકે સ્વીકારવા પર ભાર મૂકાઈ રહ્યો છે. સાંત્વના આપી શકવાની પણ મર્યાદા છે એ વાત ધ્યાનમાં રાખી તે બાબત પણ બુધ્ધિગમ્ય વર્તન કરવામાં આવે એવી અપેક્ષા રખાય છે.

આમ આંતરપ્રવાહ મૃત્યુ સંબંધી વહેવારોને વધુ વ્યવહારુ અને બુધ્ધિગમ્ય બનાવવાનો છે પણ બીજી તરફ તર્કસંગત ન હોય તેવી ઘણી વાતો ય ચાલુ છે.

મૃતકના નજીકના સગાં મળે અને જોર જોરથી રડે નહીં તો જાણે મૃતકને અન્યાય થશે એ રીતે કેટલાક રડતા હોય છે. આવે વખતે પ્રસંગની ગંભીરતા જાળવવા ઈચ્છનારાઓ માટે વિમાસણભરી પરિસ્થિતિ ઊભી થાય છે. તેમણે ય કૃત્રિમ રીતે રડવું પડે કે રડવાનો દેખાવ કરવો પડે.

૭૦ થી મોટી ઉંમરના મોતને કુદરતનો ક્રમ ગણી એ બાબત શોક ન રાખવાની સમજદારી વધતી જાય છે. કેટલાક આ સબંધે પ્રાર્થનાસભા પણ રાખતા નથી. તે છતાં ઘણાને સગાઓ પોતાની સગવડે એકેક કરીને મળવા આવે તેને બદલે પ્રાર્થના સભા રાખવાનું વધુ અનુકૂળ લાગે છે. દેશાવરમાં પ્રાર્થના કે પછી બીજી વિધિ અડધા કલાકમાં પૂરી થતી હોય છે અને તે પણ વ્યવસ્થિત રીતે. મુંબઈમાં પ્રાર્થનાનો સમય અઢી કલાકથી ઘટીને દોઢ કલાકનો થઈ ગયો છે પણ તેમાં પણ પોણો કલાક તો માત્ર નજીકના લોકો જ હોય છે - એટલે સમય ઘટાડવા બાબત પહેલ કરવાની જરૂર છે.

ધનવાન - આગેવાન - વગદાર કુટુંબમાં થતા મૃત્યુમાં પછીના વ્યવહારમાં

દેખાડો કરવાની વૃતિ જોર કરતી દેખાય છે. તેનું વરવું સ્વરૂપ શોક સભારૂપે જોવા મળે છે. ખરેખર તો પ્રવક્તા સભાના તથા મૃતકના પરિવાર પ્રમુખ આદિને સંબોધન કરીને શરૂઆત કરે એટલે બાકીના 'આત્મીયો' કહીને પોતાનું ટુંકુ વક્તવ્ય આપે તો ચાલે. પણ દરેક જણ જાણે વધુ બોલશે તો પોતે ઊંચા દરજ્જાના આગેવાન ગણાશે કે પછી મૃતક સાથે પોતાની આત્મીયતા ગાઢ હતી એમ ગણાશે એવું માની બોલવામાં પ્રમાણભાન ભૂલી જાય છે.

બોલનાર આવા પ્રસંગે તેમની સાથે તેમના શું - કેવા સંબંધ હતા એ પુરવાર કરવા જે વાતનું વતેસર કરે છે તે એકદમ કંટાળાજનક હોય છે તે કારણે ઘણા શોકસભા ટાળે છે તો ઘણા તેમાં ફક્ત લોકલાજે બેસે છે.

જ્ઞાતિના મોભી મહાજને ખાસ સાંત્વના સમિતિ બનાવી છે જે દરેક પ્રાર્થનાસભામાં જઈ મહાજનના પ્રમુખનો શોક સંદેશ વાંચી સંભળાવે છે જેમાં ખુબજ આઘાત લાગ્યો જેવા વાક્યો કૃત્રિમ અને હાસ્યાસ્પદ લાગે છે. હકીકતમાં, આવા. પત્રોનું વાંચન કરવું એ ઉપસ્થિતોના સમય બગાડવા બારબર છે. મોટાભાગના મૃતકના કુટુંબો માટે તે સાંત્વનાદાયી નહીં પણ એક ના ન પાડી શકાય તેવી ઔપચારિકતા સમાન હોય છે.

મૃત્યુ એ મૃતકના પરિવાર માટે કૌટુંબિક જીવન પ્રવાહને નવેસરથી ધબકતું કરવાનો પ્રસંગ હોય છે. તે વખતેના વ્યવહારમાં આત્મિયતા વધુમાં વધુ અને ઔપચારિકતા ઓછામાં ઓછી હોવી હોવી જોઈએ તેને બદલે સમજદારી છતાં આપણે જુનો બોજ વહન કરી રહ્યા છીએ.

આશા રાખીએ કે આવનારા સમયમાં સમજદારી ભાવુકતા અને દેખાડામાંથી બહાર લાવી મૃત્યુ સંબંધી રિવાજોને ઔપચારિક નહીં પણ આત્મીય બનાવશે.

**- ચંદ્રસેન મોમાયા**

## અગત્યની સુચનાઓ

● પ્રકાશ સમીક્ષાને ઈ - મેલથી જાહેરાત / સમાચાર / મેટર મોકલ્યા પછી તેની અમને આ નંબર પર SMS એસ.એમ.એસ. દ્વારા જાણ કરવા વિનંતી. જેથી તેની નોંધ લઈ શકાય. મોબાઈલ નં. 9004165192. આ નંબર ફક્ત SMS એસ.એમ.એસ. સ્વીકારવા માટે જ છે.

● સમાચાર/ જાહેરાત માટે મોકલેલ મેટર અંગે સહતંત્રી શ્રી ચંદ્રસેન મોમાયાનો સંપર્ક કરવો. મો. ન. 9324618606 અંકો ન મળવા અંગે તેમને ફોન નહીં કરવા વિનંતી.

Please Note : Whenever you send news / advertisement / matter by email, please do send your sms for the same to us on Mob. ; 9004165192. This number is for receiving sms only.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | ન્યુજ ગ્લેઝ કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 7,000/- | 5000/- | 4,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 4,000/- | 2600/- | 2250/- |
| પા પાનું | 77 x 111 mm | 2,500/- | 1400/- | 1250/- |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | આર્ટ પેપરની બેપાનાની જાહેરાત મળે તોજ | 800/- | 700/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | | 400/- | 350/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

જા.ખ. મેટર મોકલવા સાથે જા.ખ. બ્લેક/વ્હાઈટ છે કે કલર છે, જા.ખ.ની સાઈઝ, જા.ખ.નું બીલીંગ નામ-સરનામું અને જરૂરી પેમેન્ટ સાથે મોકલવું અત્યંત આવશ્યક છે.

# પ.પૂ. મુનિરાજ દેવરત્નસાગરજી ને મલકાપુર શ્રી સંઘની શ્રદ્ધાંજલિ

**ગુરૂ ગોવિંદ દોનો ખડે, કાકે લાગૂં પાય।**
**બલિહારી ગુરૂકી, ગોવિંદ દિયો બતાય।।**



જૈન ધર્મના મર્મજ્ઞ, સરસ્વતી - નંદન, વ્યાખ્યાન વાચસ્પતિ, પ્રવચન - પ્રભાવક, વિલક્ષણ પ્રતિભાસંપન્ન, બાળકો - કિશોરોના શિલ્પકાર એમને નવાણું કરાવી શ્રધ્ધા દિપક જલાવનાર, પંચપરમેષ્ટિના અનન્ય ભક્ત, શિઘ્રકવિ મુનિરાજ પરમપુજ્ય દેવરત્નસાગરજી તા. ૩૦.૦૫.૨૦૧૪ શુક્રવાર ના દિને સાયંકાલે ઠીક ૬ વાગે દેવલોક પામ્યા. ગુરૂદેવનું પરલોકગમન બધાને શોકગ્રસ્ત કરી ગયું.

પ.પુ. ગુરૂદેવ દેવરત્ન મ.સા. અને મલકાપુરના વિશેષ ઋણાનુબંધ હતા. અહિંયા એમના સેંકડો ભક્તો અને ચાહકો છે. એ બધા આ સમાચારથી સ્તબ્ધ રહી ગયા. ઈ. સ. ૨૦૧૧ ના એમના અભૂતપૂર્વ - ઐતિહાસિક ચાતુર્માસના કારણે એમના અનેક ચાહકો છે. બધા જૈન - અજૈન ભક્ત શોકમગ્ન થઈ ગયા અને તા. ૩૧.૦૫.૨૦૧૪ ના શ્રદ્ધાંજલિ સભા તથા દેવવંદન કરવાનું આયોજન કરવામાં આવ્યું. ગુરૂદેવના ગુણાનુવાદ કરી શ્રદ્ધાંજલિ આપતાં બધાએ ચાતુર્માસની સ્મૃતિઓ વર્ણિત કરી.

સભાનું સંચાલન શ્રી રમણિકભાઈ પટણીએ ભાવપુર્ણ શબ્દોમાં કર્યું. સૌ. ભારતીબેન દંડ, શ્રી સાગરમલ કોચર, શ્રીમતી વસંતીદેવી સંચેતી, આમદાર શ્રી ચૈનસુખ સંચેતી આદિ વક્તાઓએ ગુરૂદેવસંબંધી ચાતુર્માસની વાતો વાગોળી. શ્રી સોહન કોચર એ ગીતદ્વારા શ્રદ્ધાંજલિ અર્પિત કરી.

ચાતુર્માસની સ્મૃતિઓનું પુનઃસ્મરણ કરતાં પ.પૂ. ગુરૂદેવના રવિવારીય શિબીરોના પાઁચ કલાકના પ્રવચનો, સોળ સ્વામિવાત્સલ્ય - જૈનોના તમામ ફિરકોઓની એકતા - જૈનેતરોનો સહભાગ આદિના કારણે હ્રદયંગમ વાતાવરણ ઊભું થયું કતું. દિગંબર સંપ્રદાયનો સહભાગ પ્રશંસનીય રહ્યો. વિસસ્થાનકની આરાધના, સિદ્ધચક્રની આરાધના, સરસ્વતી - આરાધનાના અનુષ્ઠાનો ભક્તિપુર્ણ અને પ્રભાવશાલી રહ્યા. બહારગામથી ગુરૂદેવના ભક્તો પર્યુષણ આરાધના કરવા આવ્યા હતા. આ ચાતુર્માસમાં ૧૧ માસખમણ, સોળભત્તા, અઠ્ઠાઈઓ, અઠ્ઠમો, છઠ્ઠ આદિ તપસ્યાઓની સાથે ૬૮૦૦ આયંબિલ થયા. વર્ધમાન તપના પાયા નાખવામાં આવ્યાં. જપ તપ અનુષ્ઠાન જ્ઞાન યજ્ઞ આરાધનાઓ થઈ. બાળકોની શિબિરો થઈ. ગોશાળાનો પરિચય કરાવ્યો. શનિવારના શ્રી મુનિસુવ્રત સ્વામિની આરાધનાની બધાએ યાદ કરી.

સ્થાનકવાસીઓની પર્યુષણ આરાધના પણ એમણે કરાવી ને અંતગડસુત્રનું સુંદર વાંચન કર્યું હતું. તેમજ આચાર્ય શ્રી આનંદઋષિજી મ.સા.ના જન્મજયંતિ પ્રસંગે પોતાના શીઘ્ર કવિત્વનો પરિચય આપતું સુંદર જીવન ચરિત્રરૂપ ગીત સંભળાવ્યું એમના મધુર કંઠની તેમજ કવિત્વને બધાએ સ્મરણ કરી શ્રદ્ધાંજલિ આપી.

આ ધરતી પર આવો પ્રકાશનો પુંજ ક્વચિત જ આવે છે. પોતાનો પ્રકાશ પાથરી એ વિલીન થઈ ગયો. પ.પૂ. દેવરત્નસાગરજી જેવો રત્ન અમે ગુમાવ્યો - એક ચમકતો તારો ખરી પડયો.

અંતમાં વિધિકાર રાજુ શાહ એ પોતાના મધુર કંઠથી દેવનંદન કર્યું. પ.પૂ. ગુણસાગરસૂરિજી રચિત સ્તવનો ગાવામાં આવ્યા. એક ભક્તિમય વાતાવરણ ઊભું થઈ ગયું હતું.

અંતમાં જીવદયા માટે ટીપ કરવામાં આવી. અશ્રુપુર્ણ નયનોથી અને ભારી હ્રદયથી બધાએ વિદાય લીધી.

**શ્રી સુમતિનાથ ભગવાન જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ**
**અધ્યક્ષ : તિલોકચંદ નરસીભાઈ દંડ**

## ચૌદમી વર્ષગાંઠ

વનિતા



વિશ્વ

વહાલી અરુંધતિ,

કાલે તારી ચૌદમી વર્ષગાંઠ છે. તારા માટે મહત્વનો દિવસ, ખરું ને? સ્કુલે જતા પહેલાં તું ડાઈનંગિ ટેબલ પર મારે માટે એક ચિઠ્ઠી મુકીને ગઈ છે. તોમાં જાતજાતની સુચનાઓ છે. ચિઠ્ઠીની નીચે તેં સહી કરી છે, ‘‘ચૌદ વર્ષની થવાની છે તેવી તારી બાળકી...’’ શબ્દ ગમ્યો. માટે ભાગે તો તું ‘દીકરી’ કહેવડાવવાનું જ પસંદ કરે છે. તું મારા રૂમનું બારણું ખખડાવે ત્યારે હું અંદરથી પુછું, ‘‘કોણ?’’ તું તરત બોલે, ‘‘તારી દીકરી’’. જાણે કે મારે દીકરીમાં તું એકલી જ ન હોય! ઘણી વાર મને વિચાર આવે છે કે મારી એકની એક દીકરી ન હોવાનો તને રંજ તો નથી ને? મારી જાતને મારે તારી ત્રણ બહેનો અને બે ભાઈઓ વચ્ચે વહેંચવી પડે છે,. તેનું તને દુઃખ તો નથી ને? હું તને પુરતો વખત આપું છું ને, બેટા?

જે હોય તે, સચ્ચાઈ તો સ્વીકારવી જ પડે ને! તારી તેરમી વર્ષગાંઠને દિવસે તેં જાહેર કર્યું હતું. ‘‘હવે હું ટીનએજર થવાની. થરટીન...’’ જાણો કે તું તેર વર્ષની થવાની એટલે દુનિયા ફરતી અટકી જવાની હોય, સમુદ્રો સુકાઈ જવાના હોય ને તારા જમીન પર આવી જવાના હોય તેની મહત્વની ઘટના! એવું કાંઈ થયું નહીં. પણ તું મોટી થઈ ગઈ તે વાત સાચી. તેં મારી પાસે નહાવાનું, પાવડર લગાડાવવાનું બંધ કર્યું, તું એકાએક જ ઊંચી થવા લાગી. તને ચશ્માં આવ્યાં, મેં મનોમન વિચાર્યું, હવે અરુંધતિનું બાળપણ ગયું. સમયે કરવટ લીધી.

તેરમું વર્ષ કેટલું ઝડપથી પસાર થઈ ગયું! કાલે રાત્રે ધોધમાર વરસાદ પડતો હતો. આપણે બંને તારો બર્થ-ડે ડ્રેસ ખરીદવા નીકળ્યા હતા. મરીનડ્રાઈવની પાળ પર મોટાં મોજાં અથડાઈને તુટવાનો અવાજ આવતો હતો. ગાડીની બારીના ખુલ્લા કાચમાંથી વાંછટ મોં ભીંજવતી હતી. ટ્રાફિક તો કીડીવેગે આગળ વધતો હતો. આપણે એવા સ્ટોરમાં જવા નીકળ્યા હતા કે જે ક્યારેય જોયો ન હતો. બધું શોધવાનું હતું. તું રડવા લાગી. મને તારો ડ્રેસ શોધવા માટે નવી જગ્યાએ આવા કસમયે ઢસડી જવા માટે તને ‘ગિલ્ટી’ લાગ્યું હતું. મેં કહ્યું, ‘‘બેટા, તારો હક્ક છે. એમાં રડવાનું શું? મમ્મી તારી જોડે ન આવે તો કોણ આવે?’’

તું. કહ્યું, ‘‘મમ્મી, તારે બર્થ-ડે પહેલાં કાયમ રડવાનું થાય છે.’’

‘‘બેટા, તું નકારાત્મક વિચારો કેમ કરે છે? સારા - સારા પ્રસંગો યાદ કરીને ખુશ રહેતા શીખ.’’ મેં કહ્યું.

તું વધારે રડવા લાગી. મારું પણ માથું ફાટફાટ થતું હતું. માઈગ્રેનનો એટેક આવશે તેવું લાગતું હતું. આવી તે કાંઈ બર્થ-ડે હોય?

મને ગયા વર્ષની તારી બર્થ-ડેની ડિસ્કોપાર્ટી યાદ આવી. તેં તારી ત્રીસ બહેનપણીઓને આપણે ઘેર બોલાવી હતી. આખો ડ્રોઈંગરૂમ છોકરીઓ જ છોકરીઓ! મ્યુઝીક વગાડવાવાળા બે ડી.જે સિવાય ઓલ ગર્લ્સ પાર્ટી. તું ખુબ ખુશ હતી, પણ આ ચૌદમી બર્થ-ડે જાણે બહુ જલદી આવી ગઈ.... એવું તને લાગે છે. ટીનએજનું એક વર્ષ જોતજોતામાં વીતી ગયું! ‘‘મોમ, મને આ બર્થ- ડે વિશે વિચારવાનો ટાઈમ જ ન મળ્યો. સહેજપણ એક્સાઈટમેન્ટ નથી’’ તું બોલી.

વાત તો સાચી જ છે! વર્ષ ક્યાં વીતી જાય છે, ખબર જ નથી પડતી. આંખના પલકારમાં સમય સરી જાય. તું થોડા કલાકોમાં ચૌદ વર્ષની થઈ જઈશ. કેકનો ઓર્ડર અપાઈ ગયો છે. આ વર્ષે આપણે બોલિંગ એલી તથા પુલ ટેબલ બુક કર્યા છે. તમે બધી ફ્રેન્ડ્ઝ રમવા જવાના છો. પીઝાને બદલે આ વર્ષે તે સમોસા કરાવ્યા છે. તો ઝુલવાળા ફ્રોકને બદલે સ્માર્ટ કેપ્રી પેન્ટ પહેરવાં છે. બધું સરસ થશે, બેટા. ચિંતા ન કરીશ.

હું તો મા તરીકે મારો સ્વાર્થ જોઈને એવું ઈચ્છું કે તારામાંનું બાળક હરહંમેશ ધબકતું રહે. તને કદાચ એવા નાના રહેવાની જરૂરિયાત નહીં. હોય, તું ચૌદ વર્ષની થઈ, ખરું ને? પોતાના

નિર્ણયો જાતે લઈ શકે તેટલી ચોક્કસ, મન પર કાબુ ધરાવતી..... મોટી .... પણ મને તો મારી નાનકડી દીકરી જ ગમે. બપોરે સ્કુલેથી આવીને પાંચ મિનિટ મને વળગે નહીં ત્યાં સુધી જેને ઊંઘ ન આવે, જેને મારે દાળભાત ચોળી આપવા પડે અને ચોટલા વાળી આપવા પડે તેવી મારી દીકરી.

જાકે હું જાણું છું કે, "દીકરી મારી, તું જેવી છું તેવી નિર્દોષ જ રહેજે. કદીયે બદલાતી નહીં." આવું બધું ગાંડુઘેલું બોલનારી મા પોતાની બુદ્ધિનું જ પ્રદર્શન કરે છે. હું પણ એ જ કેટગરીમાં આવું છું. આપણા બે વચ્ચે ઘણી વાર ચર્ચા, બોલાચાલી, રોકકળ થઈ જાય છે. પરતું તું અને હું બંને એકમેકને જાનથી પણ વધારે ચાહીએ છીએ. આઈ લવ યું વેરી વેરી મચ...... ડાર્લીંગ! અને તું દુખી થાય, રડે, તે મારાથી નથી જોવાતું.

કાલે તારી વર્ષગાંઠની પાર્ટી વખતે પૃથ્વી વખતે એકાદ મિનિટ માટે ફરતી અટકી જશે. ફક્ત તારા માટે, બેટા. એ ક્ષણ કયારે આવશે તેની મને પાકી ખબર છે. પાર્ટી દરમિયાન જ્યારે આપણે બંને એકાદ ક્ષણ માટે એકમેકની સામે જોઈશું તું શરમાઈને મને સ્મિત આપીશ અને હું પણ એક શર્મિલું સ્મિત તને પાછું વાળીશ ત્યારે પૃથ્વી ખરેખર એક પળ માટે ભ્રમણ કરતી બંધ થઈ જશે. તને મારા ખુબ ખુબ આશીર્વાદ છે... મારી ચૌદ વર્ષની બાળકી!

હેપ્પી બર્થ-ડે.....

*- (પ્રસિદ્ધ લેખિકા : શોભા ડે નો પોતાની દિકરીને એક પત્ર)*

---

શ્રી શાંતિનાથાય નમો નમઃ

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ આયોજીત સમુહલગ્ન ૨૦૧૪**

તા. ૧૪.૧૨.૧૪ના સમુહલગ્ન કચ્છમાં સમુહલગ્નમાં જોડાવવા વ્યક્તિઓને ઈચ્છુક ફોર્મ વહેલી તકે મેળવી લેવા વિનંતી.

**સંપર્ક** : પ્રબોધ મુનવર (ભુજ) 9925169876, ગોવિંદજી પટેલઃ 9820540949, કિરણ દંડ : 9833808244, વિરેન લોડાયા : 9821073830, ગુલાબ દંડ (અમદાવાદ) 9824097078, ચંદ્રેશ છેડા (રાયપુર) 9425213540, શાંતિલાલ લોડાયા (વડોદરા) 9824012971, અરવિંદ લોડાયા (ગાંધીધામ) 982563464, લક્ષ્મીચંદ દંડ (ખંડવા) 9977550110.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ**
**લી. કીરણ દંડ - પ્રબોધ મુવનર**

---

શ્રી શાંતિનાથાયનમો નમઃ

**સાંધવ વાસીઓ તથા નિયાણી બહેનોને સાંધવગામે ચાતુર્માસ તેમજ પર્વપર્યુષણ પર્વની આરાધના કરવા ભાવભર્યું આમંત્રણ**

**શ્રી શાંતિનાથ દાદાની અસીમકૃપાથી પ.પૂ. સાધ્વીશ્રીજી લક્ષગુણાશ્રીજી મ.સા. આદી ઠાણાનું ચાર્તુમાસ પ્રવેશ તા. ૭.૭.૧૪ને સોમવાર સવારના ૯.૧૫ કલાકે છે તેમજ પર્વ પર્યુષણની આરાધના કરવા તા. ૨૧.૮.૨૦૧૪ ને ગુરૂવારના ટ્રેન દ્વારા વતન તરફ પ્રયાણ. તા. ૨૩.૮.૧૪થી તા. ૩૧.૮.૧૪ સુધી પર્વ પર્યુષણની આરાધના તા. ૧.૯.૧૪ સોમવારના મુંબઈ તરફ પ્રયાણ. ભુજથી આવતાં જતાં પંચતીર્થી કરવામાં આવશે. ટ્રેન ટીકીટો માટે ઉમર પોતાનું નામ અને ડીપોઝીટ રૂા. ૫૦૦ તા. ૧૭.૬.૧૪ સુધી નીચે મુજબના કાર્યકર્તાઓ પાસે લખાવવાનું રહેશે. જે કોઈ આરાધકોને ચાતુર્માસ તેમજ પર્વ પર્યુષણ નિમીત્તે આરાધના કરવા જવું હોય તો મહાજનશ્રીને અગાઉથી જણાવવાનું રહેશે. પર્વ દરમિયાન સર્વ વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. આરાધના કરવા સર્વ જરૂરથી પધારજો.**

**લિ. સાંધવ ક.દ.ઓ. જૈન મહાજન પ્રમુખશ્રી શામજી નરશી દંડ**

**સંપર્ક : નવિનભાઈ લોડાયા : 09324768217, ગોવિંદજી પટેલ : 09820540949, રાયચંદ દંડ : 09321316588, મુકેશ દંડ : 09426801433, મહેશ દંડ : 9323900739, સંદિપ લોડાયા : 9867167387, જયશ્રીબેન ખોના : 09224159512, રાજેશ દંડ : 9321129696, પરેશ દંડ : 09819359401, ઉમેશ ખોના : 9833690791, કસ્તુરી લોડાયા : 09594100770.**

# કચ્છી કવિતા – પ્રકાશ

સંકલન : નવિન પટેલ



ગરમીની ઋતુ એની પરાકાષ્ઠાએ પહોંચી છે ત્યારે આપણે ફરી એકવાર **'કચ્છી કવિતા – પ્રકાશ'** ની સંગે કુદરત તરફ વળીએ. અષાઢી મેઘ ગર્જના કરવા તત્પર છે ત્યારે કચ્છ પણ અષાઢી બીજની ચાતકની જેમ રાહ જોઈ રહેલ છે. આજે કચ્છી કવિઓનાં અંતરનાદથી નીકળેલ ગ્રિષ્મ ઋતુ તથા ગરમીની કેટલીક રચનાઓ માણીશું.

ગરમીથી ત્રસ્ત માનવી, પશુ-પંખી, ધરતી બધા આ ઋતુથી કંટાળી જતા હોય છે. પરંતુ કુદરતનો નિયમ છે તેમ **'કભી ધૂપ કભી છાંવ'** એ મુજબ વરસાદની મોજ કોને કહેવાય એ તો ઉનાળાની ગરમી ખાનારને જ ખબર પડે !

સૌ પ્રથમ જોઇએ કવિ **રતિલાલ શિવજી ખોના 'રશ્મિન્'** ની એક રચના તેમના પુસ્તક **'શ્રી પદ્મ-પ્રકાશ'** માંથી લીધેલ છે. કવિ ગ્રીષ્મ ઋતુમાં થતી તકલીફોનું વર્ણન કરે છે.

**ગ્રીષ્મ**

**ધોમ ધુખે ધરતી બફારે,**
**કોપાણ લગે ઇનજે પાળે,**
**જલ સુકે સર-નદી નાળે,**
**અંગોઅંગ પ્રસ્વેદ પ્રસારે,**
**કો ઘરમેં કો સરોવરજે પાળે,**
**પંખી વસેં વડલેજીં ડાળે,**
**કોક છાય પીંએ હુન કાળે,**
**કો શ્રીખંડ જા ભોજન ઠારે,**
**કો હથસેં વિંજણલા વારે,**
**'ટુવાલ' ખણી કો પ્રસ્વેદ ઉતારે,**
**કોક થધકલા ઘરમેં વૈઇ ગાળે,**
**કો ગરમીમેં રામકે સંભારે,**
**કો સ્નાન કરે કુવે જે થાળે,**
**આમેં મે રસ શાંખ વધારે,**
**કોયલ ટહુકે આમે જી ડાળે,**
**ગ્રીષ્મ ઋતુ 'રશ્મિન' ગાળે.**

(**વિંજણલા** = વિંજણું, હાથપંખો, થધકલા = ઠંડી મેળવવા)

હવે જોઇએ કવિવર **દુલેરાય કારાણી**નાં એકાદ-બે મુકતકો જે એમણે ગ્રીષ્મ ઋતુ તેમ જ સામાન્ય તડકા વિષે લખ્યા છે. એમના પુસ્તક **'મિઠે મેરાણ જા મોતીડ઼ા-૧'** માંથી આ રચનાઓ લીધેલ છે.

**ઊનારે જો ડીં ઉગો ને, તત્તો તિડકો તપી હલ્યો,**
**ચોગમ ફિરી વર્યો;**
**ઘુમાં ઘુમીને થક્કો તડેં, આંમેં જે ઝાડ મથે,**
**વેસા ખેણ વઇ રેઓ.**

(**તત્તો = તપતો, ચોધમ = ચોતરફ, વેસા ખેણ = વિસામો લેવા** ('ખેણ' શબ્દનો બીજો અર્થ ખાવું એમ પણ થાય))

**ખાસો મિઠો લગે તો મૂંકે, સીયારે જો તિડકો,**
**આકરો પણ મિઠો લગે તો, ઊનારે જો તિડકો;**
**કડેંક સાવ લિકી વિગે તો, ચોમાસે જો તિડકો,**
**તિડકો જીવન ડોરી જેડો, રુતુ રુતુ જો તિડકો.**

(**સીયારે = શીયાળાનો, ઉનારે = ઉનાળાનો, લિકી = છુપાઇ, વિગે** = (છુપાઇ)જવું (આ શબ્દમાં 'ગે'ને વંચાય છે 'ન્ને' નાં ઉચ્ચારની નજીકનાં ઉચ્ચારમાં) )

ગરમીની પરાકાષ્ઠાએ ગ્રીષ્મનાં અંતમાં વરસાદની આશા રખાય છે. અષાઢી મેઘને કવિ વરસી પડવા વિનવે છે તેની એક સુંદર રચના અત્રે પ્રસ્તુત છે. કવિ **ખત્રી હુસેન ઇસ્માઇલ 'કમર-કચ્છી'**ની આ રચના કચ્છી સાહિત્ય અકાદમીનાં મુખપત્ર **'ચિંગાર'**ના ઓકટો, ૨૦૦૯નાં અંકમાં પ્રસિધ્ધ થયેલ. કવિ પોતે કચ્છી મુસલમાન હોવાથી કાવ્યમાં ક્યાંક આવતી ઉર્દુની છાંટ કચ્છી ભાષાને વધુ નજાકતવાળી બનાવે છે.

**સુણે કુધરત અસાંજી ધાં**

**અષાઢી મીં ગુરોંતા પાં, સુણે કુધરત અસાંજી ધાં;**
**મધા મીં જી પડ઼ોતા પાં, સુણે કુધરત અસાંજી ધાં.**
**વસેતી ભાય ગરમી મેં, ડિસો ઘરમેં વિઆજે કીં ?**
**તંધૂરી જીં પચોંતા પાં, સુણે કુધરત અસાંજી ધાં.**
**પચી રેં જાડ઼જા પન ઈં, પચીર્યાસીં મિડે઼ હાણે;**
**ગ઼રલ મડ જીં ડુરોંતા પાં, સુણે કુધરત અસાંજી ધાં.**
**સી પોંધો વે ક વે ગરમી, ઉભા વેંતા બરૂકા થિઇ;**
**પુડે઼ બીં વિચ જુરોંતા પાં, સુણે કુધરત અસાંજી ધાં.**
**સુકીને ઠાંઠ થિઇ વ્યો પટ, જિતે પાંજે ભગીચે જો;**
**રૂએ તો ધિલ ડિસી હી ડીં, સુણે કુધરત અસાંજી ધાં.**
**વડો ધિલકે રખી ધિલભર, કરીંધો મેર ડિસ પાંતે;**
**'કમર' ઉનતેં પરોંતા પાં, સુણે કુધરત અસાંજી ધાં.**

(**ધાં = અરજી, ગુરોંતા** = ઇચ્છીએ, **મધા** = એક પ્રકારની પદ્યમાં લખાયેલ ચોપડી, **પડ઼ોતા** = વાંચીએ (જે રીતે આપણે હનુમાન ચાલીસા કે ભક્તામર વાંચીએ) **ભાય** = **અગ્નિ, તંધૂરી** = **રોટી બનાવવાનું તંદુર, પચી = પાકા થવું-પાકટ, પચીર્યાસી = કંટાળી જવું એ અર્થમાં** (અહીં 'પચી' શબ્દોનાં બંન્ને અર્થ કવિએ સુંદર રીતે વાપર્યા છે) **બરૂકા =જોરાવર (કચ્છમાં ઠંડી-ગરમી વધુ હોય છે એ ભાવાર્થે) પુડે઼ બીં વચ = ઘંટીનાં બે પડની વચમાં એ ભાવાર્થે, જુરોતાં = તુટીએ છીએ, મેર = મહેર, પરોંતા = નભીએ છીએ** )

આગામી અંકોમાં આવકારીશું કચ્છી નવા વર્ષ અષાઢી બીજને કવિતાનાં રસથાળથી. આવજો !

## પુત્રવધુ- સબંધ એક, સ્વરૂપ અલગ અલગ

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (કોઠારા - સુરત)

ભારતીય સંસ્કૃતિમાં જેટલા સબંધો છે તે તમામ માટે સ્વતંત્ર નામ અને તે રીતે એક શબ્દ છે જે ભાગ્યે જ અન્ય કોઈ દેશમાં હશે. આવો જ એક શબ્દ પુત્રવધુ છે.

પુત્રવધૂ માટે કહેવાય છે કે તે પુત્રથી વધુ એટલે કે વિશેષ છે. હમણાં કેટલાક એવા પ્રસંગો બન્યા જેના કેન્દ્ર સ્થાને પુત્રવધુ હતી તેથી આ લેખ લખવાનો વિચાર આવ્યો.

આ અખાત્રીજના દિવસે મારા એક બિહારી મિત્રના નવા ફ્લેટના વાસ્તુપુજનના પ્રસંગે મને આમંત્રણ મળેલ. મિત્રને ત્રણ પુત્રો, બે પુત્રીઓ પૌત્ર, પૌત્રી, દોહિત્ર અને દોહિત્રી છે. અત્યાર સુધી સંયુક્ત કુટુંબમાં રહેતા હતા. પુત્રીઓ પરિણિત છે અને સાસરે છે. ગુજરાતીમાં કહીએ તો ખૂબ જ ભર્યું ભાદર્યું પરિવાર. તેમના ત્રણે પુત્રો પરિણિત છે. મેં મિત્રને નવો ફ્લટે લેવા બદલ અભિનંદન આપ્યા. તેમણે કહ્યું, 'શાહજી, યે સુખકા નહીં દુઃખકા પ્રસંગ હૈ.' પછી તેમણે જે વાતો કરી તેનો સંક્ષેપ સારાંશ આ પ્રમાણે છેઃ

મારી ત્રણ પુત્રવધુમાં સૌથી મોટી પુત્રવધૂ શ્રેષ્ઠ પુત્રવધુ, છે જેણે પરિવારના બધા સભ્યોને સાચવીને પરિવારને સાચવીને દરેકના દિલમાં જગ્યા પ્રાપ્ત કરેલ છે. જ્યારે મંજલી બહુ (વચલી પુત્રવધુ) એ માત્ર ઘરમાં જ સ્થાન કરેલ છે. સ્વેચ્છાએ નહીં પણ કહો ત્યારે માત્ર ખપ પુરંતુ કામ કરે પણ પરિવાર પ્રત્યે લાગણી કે ઉર્મિનો અભાવ.

જ્યારે સૌથી નાની પુત્રવધૂ એ કનિષ્ઠ પુત્રવધુ છે, જે આવી ત્યારથી જ પોતાની બધી ચીજવસ્તુ અલગ, વ્યવહાર અલગ અને બેંકમાં (તે પણ સરકારી બેંકમાં નોકરી કરે તેથી) પોતાનો પગાર પણ અલગ રાખે. કુટુંબ માટે માત્ર પોતાના ખર્ચા જેટલી જ મર્યાદિત રકમ આપે. પોતાના પિયર સાથે ઘનિષ્ટ સંબંધો અને ગુપ્ત આર્થિક વ્યવહાર પણ રાખે. પોતાની પાસબુક, ચેકબુક વગેરે સંતાડીને રાખે.


**REQUIRED**

NCFM Certified Dealers for a **Stock Broking Company** to operate **NEAT / BOLT / MCX terminals.**

Candidates having **2/3 Year of experience** should apply with their Bio-Data at

**jobs@dharamshi.net**

**REQUIRED**

**ACCOUNTANTS & ACCOUNT ASSISTANTS**

for a Construction Company. Candidates with expertise in **Tally ERP9, MS Office** apply with their Bio-Data at

**careers@anddevelopers.in**

એટલું નહીં તેના માતા - પિતા પણ એક સમજદાર વેવાઈ તરીકે નિષ્ફળ કહી શકાય, કારણ કે તેમની પુત્રી સિવાય ભાગ્યે જ કોઈ સાથે વધારે વાત કરે કે સબંધ રાખે. તેથી સમગ્ર પરિવારે આ સૌથી નાના પુત્ર તથા તેની પત્નીને અલગ રહેવા માટે આ ફ્લેટ લીધો છે.

આમ તેમણે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ પુત્રવધુની પોતાની વ્યાખ્યા મને જણાવી. તેમણે પોતાની હિન્દી ભાષામાં કહ્યું, 'શાહજી, યે પુંજીમેં બઢોત્તરી નહીં. સબંધો મેં કટોતી હૈ. ઈસલિયે યે હમારે લિયે દુ:ખકા પ્રસંગ હૈ.' આમ કેટલીકવાર ઉપરથી દેખાતા ખુશીના પ્રસંગ પાછળ ભયંકર વિષાદ પણ હોઈ શકે છે.

આનાથી તદ્દન વિપરિત પ્રસંગ વસંત પંચમીના દિવસે મારા અન્ય એક મારવાડી મિત્રના નવા ફ્લેટના વાસ્તુપુજન વખતે જાણવા મળ્યો. મેં જ્યારે મિત્રને સુંદર બીજો ફ્લેટ ખરીદવા માટે અભિનંદન આપ્યા ત્યારે તેના એક માત્ર સુપુત્ર (ખરા અર્થમાં) જે ત્યાં હાજર હતો તેણે મને કહ્યું, 'અંકલજી, યે હમારા પહલા મકાન હૈ, બાબુજીને જો બનાયા હૈ વો તો મંદિર હૈ.' પછી તેણે જે વાત કરી તેનો સારાંશ આ પ્રમાણે છેઃ

ચારભાઈ અને ત્રણ બહેનોના વિશાળ પરિવારમાં મારા મિત્ર સૌથી મોટા. ભણીને ગ્રેજ્યુએટ થયા ત્યારે માતા પિતા લગભગ થોડાજ સમયમાં સ્વર્ગે સીધાવ્યા, તેથી સમસ્ત પરિવારની જવાબદારી મિત્ર પર આવી પડી. તેમણે તથા તેમની પત્નીએ ખુબજ મહેનત કરી, કરકસર અને જરૂર પડી ત્યારે કંજુસાઈ કરી, દર દાગીના વેંચીને સૌ ભાઈ - બહેનોને પરણાવીને તથા કામે લગાડીને સંસારમાં સ્થિર ર્ક્યા.

હવે તેમનું પ્રથમ મકાન લગભગ ૪૦ વર્ષ થઈ ગયા હોવાથી ફરીથી બનાવવું પડે તેવી સ્થિતિમાં આવી ગયું. તેથી તેમના સંસ્કારી સુપુત્ર અને તેટલીજ સંસ્કારી પુત્રવધુએ લોન લઈને હપ્તાથી નવો ફ્લેટ લીધેલ જેનું વાસ્તુપુજન હતું. મિત્રની પુત્રવધુએ કહ્યું કે આટલો સંઘર્ષ, સમર્પણ કે ત્યાગ કોઈ સામાન્ય માનવી ન કરી શકે. અમે તેમના મકાનને મંદિર માનીએ છીએ. કલિયુગમાં પણ આવા સુપુત્ર કે પુત્રવધુ હોઈ શકે તે વાત પણ અજાયબીથી ઓછી નથી.

મારા એક ગુજરાતી મિત્રને ત્યાં જવાનું થયું. મને નવાઈ લાગી કે ખૂબજ સંસ્કારી મારા મિત્ર તેમની પુત્રવધુને નામ દઈને અને તુંકારે બોલાવતા હતા. મેં તેમને ખાનગીમાં જણાવ્યું કે મિત્ર, પુત્રવધૂને તું નહીં તમે કહીને સબોધવું એ શિષ્ટાચાર છે અને સંસ્કારી પરિવારની ઓળખ, છે. હું મારી પુત્રવધૂને તમે કહીને જ સંબોધું છું.

મિત્રે કહ્યું, 'પ્રવીણભાઈ, તમારી વાત તદ્દન સાચી છે પણ મારી પુત્રવધુ મારા માટે પુત્રી સમાન છે. તેણે મારી પરિણિત પુત્રીનું સ્થાન મારા હૃદયમાં લઈ લીધું છે, તેથી હું તેને પુત્રવધુ નહીં પણ પુત્રી માનું છું. સબંધોના સમીકરણ કેટલીક વાર ગણિતના સમીકરણો કરતાં પણ વધારે અટપટા હોય છે!

શિષ્ટાચારની જગ્યા જ્યારે અત્મિયતા લઈ લે છે ત્યારે માનાર્થે વપરાતા 'આપ' કે 'તમે' જેવા શબ્દો કરતાં 'તું' વધારે ભાવવાચક, મધુર અને માનવાચક લાગી શકે છે! સબંધોમાં ઔપચારિકતા કરતાં આત્મિયતા કે પોતાપણું વધારે જરૂરી છે. ખાસ કરીને જ્યારે સબંધો નજીકના હોય, ભલે લોહીના સબંધો ન હોય.

અન્ય એક સૌરાષ્ટ્રના મિત્રનો એક માત્ર પુત્ર વધારે ભણ્યો નહીં અને થોડું ઘણું કમાઈ લે. મિત્ર હીરાના કારખાનામાં કામ કરે. તેમના પુત્રના લગ્ન સૌરાષ્ટ્રના ગામડાની કોઈ શિક્ષિત અને સુશીલ કન્યા સાથે થયા, જેણે બી.એસ.સી. તથા બી.એડ. પણ કરેલ. મિત્રની પુત્રવધુને કોઈ સારી શાળામાં નોકરી મળી ગઈ. નોકરી ઉપરાંત સારા એવા ટ્યુશન પણ મળવા લાગ્યા.

થોડા દિવસ પર મળ્યો તો મને કહે, 'પ્રવિણભાઈ, મને તો વહુના રૂપમાં છોકરો (પુત્ર) મળી ગયો છે. મારા ઘરની તમામ આર્થિક, સામાજિક અને સાંસારિક તમામ જવાબદારી મારી પુત્રવધુએ સંભાળી લીધી છે. મારા પુત્ર કરતાં પણ વધારે મારી તથા તમારા બેનની સંભાળ મારી વહુ લે છે. હું હવે રિટાયર છું અને પ્રભુ ભક્તિમાં સમય વિતાવું છું. મારું તો આયખું અને વૃધ્ધાવસ્થા મારી વહુ એ સુધારી દીધા. હવે ભાડાની જગ્યાને બદલે પોતાનો નાનો ફ્લેટ વહુ દીકરાએ લીધો છે. સમય મળે ત્યારે ઘરે પધારશો.'

છેલ્લા ત્રણ પ્રસંગોના અનુભવ પછી લાગે કે કનિષ્ઠ પુત્રવધુ હોય છે તેવી રીતે ઉત્તમ પુત્રવધુઓ પણ હોય છે હજી મુનષ્યમાં થોડી માનવતા બચેલ છે તેથી કદાચ વૃધ્ધાશ્રમમાં વડિલોને વગર ડોનેશને જગ્યા મળી રહે છે.

આ ત્રણે પ્રસંગોનો સારાંશ એ છે કે ઉત્તમ પુત્રવધુએ પુરૂષ સમોવડી નહીં પણ પુત્ર સમોવડી બનવું જોઈએ અને ખરા અર્થમાં પુત્રથી વધુ બનીને માત્ર ઘરમાં નહીં પણ પરિવારના સભ્યોના દિલમાં પણ સ્થાન પ્રાપ્ત કરવું જોઈએ.

## નિષ્ઠ: સંતાન કે માત્ર પુત્રીવાળા કે.ડી.ઓ. મા - બાપની સમસ્યાઓ

**- રતિલાલ વાલજી ખોના**

આજના વધુને વધુ કે.ડી.ઓ. દંપતિઓ મોટી ઉમરે પરણતા હોવાથી જ્ઞાતિમાં નિ:સંતાન દંપતિઓની સંખ્યામાં ખાસ્સો વધારો થયો છે. તેવી જ રીતે આધુનિક જીવનશૈલી માટે માત્ર એકજ સંતાન ઈચ્છનારા દંપતિને દીકરી થાય તો તેઓ પણ અમુક અંશે નિ:સંતાન દંપતિજેવી સમસ્યાઓનો સામનો કરે છે.

આપણી યુવા પેઢીને યાદ દેવડાવવાની જરૂર છે કે તરવરીયા / તંદુરસ્ત બાળકો હોવા અને તેમનો જીવનના / વ્યવસાય / ધંધા / સમાજજીવનમાં નામ રોશન કરનારા ઉત્તરાધિકારી તરીકે ઉછેરવા એ જીવનના શ્રેષ્ઠ આનંદોમાંથી એક છે.

નિ:સંતાન દંપતિઓએ પોતાના ભાઈ - બહેનોના સંતાનોને બહુ નાની વયે દત્તક લઈને એવી રીતે ઉછેરવા જોઈએ કે તેઓ તેમને સગળ મા - બાપ જેટલો જ આદર આપે.

એકમાત્ર દીકરી ધરાવતા દંપતિઓએ જમાઈને દીકરાની જેમજ સાથે રહેવા કહેવું જોઈએ, જેથી તેમને દીકરી દઈને દીકરો પ્રાપ્ત કર્યા જેવું સુખ મળે.

એકલી દીકરીવાળા મા - બાપો સંકોચને કારણે જમાઈને સાથે રહેવા બોલવતા નથી પણ દીકરીને વાર - તહેવારે બોલાવી લેછે. તે કારણે જમાઈની સ્થિતિ કફોડી થાય છે અને આ કારણસર ક્યારેક ખોટા વિવાદ ઊભા થઈ વાત છુટાછેડા સુધી પણ પહોંચે છે.

સમય ઝપડથી બદલાઈ રહ્યો છે. કલ્પના બહારના નવા સંબંધો ઊભા થઈ રહ્યા છે. આપણે પણ સંબંધોને સમયાનુરૂપ ઘાટ આપવો જ પડશે.

---

### પાસ થયા અભિનંદન



**ચિ. મોનિકા વસંત મોતા**

**(ગામ - લાલા - કચ્છ)**

**હાલ - ડોંબિવલી**

**ધોરણ - ૧૧મું (ઈંગ્લિશ મિડીયમ)**

63.23 %

S. I. A. Jr. College


**-: લગ્ન સંબંધી :-**

**કચ્છી દશા ઓસવાલ જૈન યુવક**

**શિક્ષણ** : B.Com , **ઉમર** : ૩૧ વર્ષ, **ઉંચાઈ** : ૫'૪",
નોર્દોષ છૂટા છેડા (૬ મહિના) MNC જોબ,
(ઈનવેસ્ટમેન્ટ પ્રોફેશનલ) યુવક માટે કન્યાના વડીલો
સંપર્ક કરે : બહારગામ ચાલશે. (જ્ઞાતિ બાધ નથી)
**મો.** 09699937370



Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

**(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)**

**જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.**

**Mob. : 7666688881**

**ગુરૂવાર બંધ**



લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

- સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
- રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ડ સાડીઓ.

૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ,
દાદર (ઈ), મુંબઈ - ૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા - 92234 25676**

## આરોગ્ય માટે ઉપયોગી ટીપ્સ

ડો. વીરચંદ લખમશી નાગડા, મુલુંડ
મો. ૯૮૨૧૩૮૫૬૫૨

**૬. અનેનાસ:** પાકેલુ અનેનાસ મીઠું, મધુર, સ્વાદિષ્ટ હોય છે. તે વિટામિન્સ, ખનિજથી ભરેલ હોય છે. એમાં વિટામીન એ, બી, સી, અને કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહ હોય છે, ચરબી અને કોલેસ્ટ્રોલ ઓછા હોય છે, જ્યારે ફાયબર, રેષા પુષ્કળ હોય છે. ઉનાળાનું એ આદર્શ ફળ છે. એમાં રહેલ વિટામીન સી અને 'બ્રામેલેઈન' ને લીધે શરદી ઉધરસમાં ખૂબ ઉપયોગી છે. તેમાંનું મેંગેનીઝ હાડકા, કનેક્ટીવ ટીસ્યુને મજબુત બનાવે છે. નિયમિત લેવાથી પેઢા નિરોગી રહે છે. અમુક અભ્યાસમાં જણાયું છે કે આ ફળ 'મેક્યુલર ડીજનરેશન' (આંખના પડદાનો નુકસાન) રોકે છે, જેથી દૃષ્ટિ સારી રહે. બિટાકેરોટીનને લીધે આ બિમારીની શક્યતા ૩૦ ટક્કા ઓછી થાય છે. બ્રોમેલેઈન નામના એન્ઝાઈમ પેનક્રિયાસના પાચકરસના ઝરવામાં મદદ કરી પાચન સુધારે છે. અનેનાસ મુત્રપિંડને ઉત્તેજન, વેગ આપી ઝેરી પદાર્થો - કચરો શરીરની બહાર કાઢે છે. ફળનો વચ્ચેનો ગર્ભ કાઢીને પછી ખાવું.

**૭. દાંત અને પેઢાં પેઢા:** અને દાંત નીરોગી રહે એ ખુબ જ જરૂરી છે. વાચકને જાણીને આશ્ચર્ય થશે પણ પેઢાં દાંતમાં ઈન્ફેકશન હોય તો ત્યાંના બેક્ટેરીઆ લોહી દ્વારા શરીરમાં હૃદયની આર્ટરી (લોહીની નખી)માં, સાંધાઓમાં જઈ ઈન્ફેલેમેશન - સોજા ઉત્પન્ન કરી હાર્ટની બિમારીઓ, સાંધાની બિમારીઓ ઉત્પન્ન થઈ શકે. જેના પેઢાં નિરોગી હોય એવી વ્યક્તિ કરતાં પેઢાંની બિમારીઓવાળાને હૃદયની બિમારી થવાની શક્યતા બમણી હોય છે. ઉપરાંત પેઢામાં થયેલ પસ - ખરાબ લોહી પેટમાં જઈ પાચનની અને બીજી તકલીફોઓ કરી શકે. માટે દાંત - પેઢાંની સ્વચ્છતા જાળવો. પૌષ્ટિક ખોરાક (ઓછા સાકરવાળા), ફળ, શાકભાજી, આવળા, લીંબું અને ચબાવવાના ખાધો ખારેક, શેકેલા સોયાબીન, સીંગ - ચણા, ટોપરૂ વગેરે રોજ લ્યો. તલના તેલના કોગળા અવારનવાર કરવાથી પેઢા નીરોગી રહેશે અને દાંત દુઃખતા હશે તો એ પણ મટશે. થોડુ તલનું તેલ મોઢામાં લઈ પાંચેક મીનીટ મોઢામાં એને હલાવો, પછી તેલને થુંકી નાખો. જમ્યા પછી પાણીથી કોગળા કરવાનું ભુલશો નહીં.

**૮. ફ્રીઝ :** ફળો અને શાકભાજીમાં ભરપુર આરોગ્યદાયક વિટામિનો, ખનીજો, ફાયબર છે. પણ એ તાજા હોય તો. નહીં તો ધીરે ધીરે એમાંના સત્વો ઓછા થાય. આજની મોર્ડન લાઈફમાંકોઈને ફ્રીઝ વગર ચાલતું નથી. ફળ, શાકભાજી વગેરે ૩ - ૪ દિવસના એક - સાથે લાવી કે મંગાવી ફ્રીઝમાં એમના સારા ગુણો ઓછા થાય છે. વધુ રાંધવાથી જેમ અનાજ - શાક - દાળના સત્ત્વો ઓછા થાય એમ ફ્રીઝમાં જેમ જેમ સમય જાય ફળ, શાકભાજી વિટામીન્સ, ખનીજોઓછા થાય છે. હા, તાજા ફળો શાકભાજી ખૂબ નીચા તાપમાનમાં (ફ્રોઝન) રાખવામાં આવે તો એમના ગુણોજળવાઈ રહે પણ ફ્રીઝમાં તાપમાન એટલું નીચું નથી હોતું તેથી તાજા ફળો, શાકભાજી ખાવા વધુ સારા. પ્લાસ્ટિકની થેલીમાં ફળો, શાકભાજી ફ્રીઝમાં રાખવાથી એમાં બાફ-પસીનો થઇ એમાં ફંગસ જેવા ઈન્ફેકશન થાય છે અને આ ફળો શાકભાજી આપણે ખાઇએ તો આરોગ્ય માટે યોગ્ય નથી.

**૯. અખરોટ:** મગજના આકારના અખરોટના નિત્ય સેવનથી શરીર અને મગજ બંને તંદુરસ્ત રહે છે. મગજને સારૂં પોષણ મળવાથી પાછલી ઉંમરમાં પણ પોતાનું દરેક કાર્ય સારી રીતે કરી શકીએ. કામ કરતા હોઇએ અને થાક લાગે તો નાસ્તામાં અખરોટ ખાવાથી તેમાં ઓમેગા-૩-ફેટી એસીડથી મુડ સારો થાય છે. નિરાશા નથી આવતી. લંડનમાં ૩ અઠવાડિયા અખરોટ ખાનાર અમુક વ્યકિતઓનો અભ્યાસ કરવામાં આવ્યો. હાઈકોલેસ્ટ્રોલવાળાનું કોલેસ્ટ્રોલ ઘટયું, હાઇ બી.પી વાળાનું બી.પી. ઘટયું અને તનાવ ઘટયો એટલે કે હાર્ટના પેશન્ટને ફાયદો થાય. રોજના

૪ અખરોટ ખાઓ. મગજની નબળાઈ, ભ્રમ, ચક્કર, સ્મૃતિ ઓછી થવી, તનાવ વગેરે તકલીફ માં ફાયદો થાય. સાંધાના દુઃખાવા, આર્થાઈટીસમાં રોજ ૪ અખરોટ ખાવાથી ફાયદો થાય છે.

**૧૦. બ્રોકોલી:** પોષક તત્ત્વો, એન્ટી ઓકિસડંટથી ભરપૂર એવા બ્રોકોલીનો આપણે બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ. જૉન જયુવિક અને એમના સહકાર્યકરોએ કેન્સર અને આહારને ઘનિષ્ઠ સંબંધ છે એ શોધ્યું છે. કોબી વર્ગના ભાજીપાલા (બ્રોકોલી, કોબી, ફ્લાવર વગેરે)માંના સત્ત્વો કેન્સરનો પ્રતિકાર કરવાનું કામ કરે છે. આહારમાં બ્રોકોલી અવારનવાર ખાવાથી પ્રોસ્ટેટગ્રંથી, આંતરડા, સ્તન, ફેફસાં અને ચામડીના કેન્સરથી રક્ષણ મળે છે. બ્રોકોલીમાં વિટામિન્સ, ખનીજો-કેલ્શીયમ હોય છે જે હાડકાંને મજબુત કરે છે. અવારનવાર બ્રોકોલી ખાઇ એના ફાયદા મેળવો.

## શ્રી નલીયા નાગડા ગોત્ર માતાજીની સમુહ પહેડી

**નલિયા નાગડા ગોત્રના શ્રી અંબે માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી નલિયા મધ્યે અષાઢી બીજના રાખેલ છે.**

**તા. ૨૮.૦૬.૧૪ શનિવારના રોજ સવારે માતાજીના સ્થાનકનું શુદ્ધિકરણ, બપોરના ૧૨.૩૯ કલાકે શ્રી પાર્શ્વનાથ પદ્માવતીનું મહાપુજન, સાંજે ૭.૦૦ કલાકે શ્રી ભલારા દાદાનો પાઠ તથા ઘણીવાળાનો પાઠ, રાત્રે ૯ કલાકે માતાજીની ભાવના સંગીત સાથે તથા રાસની રમઝટ.**

**તા. ૨૯.૦૬.૨૦૧૪ રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે માતાજીને નૈવેદ્ય - પહેડી ચડાવવામાં આવશે. પહેડી પ્રસાદનો લાભ લેવા વિનંતી.**

## કિડનીની બિમારી - સાઈલન્ટ કિલર

સુંદર, સ્વચ્છ અને સુઘડ રહેવું કોને ન ગમે? શરીરની બહારની સ્વચ્છતા તમારા હાથમાં છે, પરંતુ શરીરની અંદરની સ્વચ્છતા તમારી કિડની (મુત્રપિંડ) જાળવે છે. કિડની શરીરમાંથી બિનજરૂરી કચરો અને ઝેરી પદાર્થ દુર શરીરને સ્વચ્છ અને સ્વસ્થ રાખવાનું મહત્વનું કામ કરે છે. આજકાલ કિડનીની બિમારી વધી રહી છે. કિડનીની તકલીફ વધવાનું કારણ છે ડાયાબિટીસ અને બ્લડપ્રેશરનો વધારો અને દર્દી - ડોક્ટરની બેદરકારી.

‘સાઈલન્ટ કિલર’ તરીકે ઓળખાતી કિડનીની બીમારી લાગુ પડવાનું જોખમ ધરાવનારા લોકો પૈકી લગભગ તેમની જીવનશૈલીમાં ફેરફાર કરીને આવું જોખમ અડધોઅડધ ઘટાડી શકે છે.

**કિડનીના રોગોનાં ચિહ્નો:** ● આંખ પર સવારે સોજા આવે ● મોં અને પગ પર સોજા આવે ● ભુખ ઓછી લાગે ● ઉલ્ટી - ઉબકા થાય, ● પેશાબ ઓછો આવે ● પેશાબમાં બળતરા થાય ● લોહી કે પરૂ આવે, ● પેટમાં ગાંઠ જણાય ● પેટ કે કેડમાં દુઃખાવો થાય.

**કિડનીની તપાસ કોણે કરાવવી જોઈએ?:** ૧. ડાયાબિટીસની બિમારી હોય, ૨. બ્લડપ્રેશરની તકલીફ હોય, ૩. કુટંબમાં વારસગાત કિડનીના રોગ હોય, ૪. લાંબા સમય માટે દુઃખાવાની દવા લીધી હોય, ૫. મુત્રમાર્ગમાં જન્મજાત ખોડ હોય.

આવા લોકોએ ખુબજ જાગૃત રહેવું જોઈએ. જો શરૂના સ્ટેજમાં વ્યક્તિ ચેતી જાય તો વહેલા નિદાન અને સારવાર બાદ કિડનીના ઘણા રોગ સંપુર્ણ રીતે મટી શકે છે.

કિડનીના ઘણા રોગો અત્યંત ગંભીર હોય છે અને તેનું નિદાન મોડું થાય તો તે તબક્કે કોઈ સારવાર અસરકારક નીવડતી નથી. ક્રોનિક કિડની ફેલ્યર જેવા ન મટી શકે તેવા રોગના છેલ્લા નબક્કાની સારવાર (જેમ કે ડાયાલિસિસ તથા કિડની ટ્રાન્સપ્લાન્ટેશન) અત્યંત ખર્ચાળ છે અને બધી જગ્યાએ સરળતાથી ઉપલબ્ધ નથી આ કારણસર Prevention is better than cure (રોગનાં ઉપચાર કરતાં તને થતો રોકવો વધારે ડહાપણનું કામ છે) કહેવતને અનુસરવું ખુબજ જરૂરી છે.

- મનિષ ડાઘા

# A few potential threats to the survival of KDOS' population in India as a Gnati-Red Signal

Pravinchandra Shamji Dharamashi, Kothara-Surat M: 09978903247




| YEAR >> | # 2010 | 2011 | 2012 | 2013 | * 2014 | TOTAL |
|---|---|---|---|---|---|---|
| DEATHS | 110 | 264 | 232 | 260 | 120 | 986 |
| BIRTHS | 68 | 182 | 185 | 153 | 107 | 695 |
| NET (DEPLETION) | 42 | 82 | 47 | 107 | 13 | 291 |
| * Up to April 2014, | # From 7th August to 31st December 2010 | | | | | |

| SAVANT | 2024 | 2034 | 2046 | 2058 | 2069 |
|---|---|---|---|---|---|
| ENGLISH YEAR | 1968 | 1978 | 1990 | 2002 | 2013 |
| KDOs POPULATION (NUMBERS) | 19265 | 22714 | 25838 | 28164 | 27500 |

જ્ઞાતિમાં જન્મ પ્રમાણ કરતાં મરણ પ્રમાણ વધુ હોવાથી વરસો વરસ ચોખ્ખી વસતિ ઘટતી જાય છે.




વસતિપત્રકની દ્રષ્ટિએ જોઈએ તો અત્યારે તૈયાર થઈ રહેલું વસતિપત્રક સંખ્યામાં ઘટાડો બતાવે છે. તેની છણાવટ કરતો પ્રવિણભાઈનો લેખ આવતા અંકમાં પ્રગટ થશે.




પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૩માં પ્રગટ થયેલ ગુજરાતી લેખ જ્ઞાતિની વસ્તીની વિવિધ પ્રદેશમાં વહેંચણી અંગેનો લેખ સારી રીતે સમજાય તે માટે આપેલ કોઠાઓ અહીં પ્રગટ કર્યા છે જે પરથી એક નજરે પુરો અંદાજે આવે છે.



## DEVELOPMENT KDOs – 16/16 (Part - 2 Cont. From Issue No. 23)

*TILAKCHAND LODAYA (Chennai) Email :ourbrotherhood@yahoo.co.in*

Having done this SWOT analysis, let me come to the KEY RESULT AREAS which may be determined for the welfare of the 16,000 KDOs by the 16,000 KDOs or Development KDOs- 16/16.

1. Raising income levels;

2. Providing Shelter;

3. Higher Education;

4. Medical Treatment;

5. Strengthening of existing Institutions.

6. Attitudinal change.

**1. Raising income levels** of the target group is the ultimate solution for all the challenges. But the million dollar question is how and how fast. Education is a long term and sure solution. But short term solutions are very challenging and difficult. Better employment is one. I have a solution This can be explained in a one to one meeting only. This has been a time tested solution and largely practiced by all Marwari Pariwars, KVOs and few of our own members at their individual levels. The family income can go up by 2,000 to 10,000 per month or even more depending on the members in the family, without any investment.

**2.** On **providing Shelters** I have already written earlier. HOPE-1000 provides us a golden opportunity to solve this and all related problems once and for all. The community should concentrate on this project and reap the maximum benefits.

In this regard I would like to draw the kind attention of members of all the Mahajans located outside Mumbai and request them to revisit and reassess their real estate holdings and find innovative ways to explore the possibilities of using them for the benefit members of the community. It may involve relook at the sentimental factors of holding on to the property portfolio of the community. Systematic cost benefit analysis will guide us in taking a positive call. The examples and achievements of Mahajans of Hubli, Gandhidham, Baroda and similar projects elsewhere may please be studied and suitably followed depending on the local needs.

**3.** Regarding funds for **Higher Education** all that we have to do is to strengthen the existing infrastructure and institutions in Mumbai area for the benefit of the entire community. Recently I had

શુભેચ્છાસહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઇ-૯.

અસલ કલા-કસબનો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
સાડીઓ • ચણીયાચોળી • ઘરચોળા • બોર્ડરો
પાનેતર • બાંધણીઓ મનભાવન ડીઝાઈનો,
શ્રેષ્ઠ ક્વાલીટી અને વ્યાજબી ભાવ...
૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરીબજાર, ખારાકુવા સામે,
મુંબઇ- ૦૨. Tel. : 22413995 / 22402786
સેમ્પલ પીસનું ક્લીયરન્સ ચાલુ છે

શુભેચ્છાસહ.....
શીતલ કોટન ટ્રેડર્સ
શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર
(રંગપુર-કોઈમ્બતુર)

an opportunity to draft a scheme in this field proposed to be launched shortly by Hubli Mahajan . This will definitely meet the needs of community members living at Hubli. Gadag Mahajan has earmarked a fund of Rs. 2,00,000/- per annum for this purpose. There may be similar schemes followed by other Mahajans also. All these need to be augmented and strengthened.

Benefits from the government on the basis of minority status for Jains also be availed and the Mahajans may guide their members in this regard.

Further thoughts need to be bestowed on this area to institutionalise this benefit.

**4.** Regarding **Medical treatment funds** already few trusts, institutions and funds are actively providing this benefit. But donation based things don't take us further. I had the benefit of conceptualising and implementing MEDICARE INSURANCE SCHEME under the auspices of Shri D.B.K.D.O. JAIN EKKAM, Bengaluru. Before its closure, it provided great benefits. Based on its experience, I have prepared a similar workable permanent scheme as a substitute. If any Ekkam or Mahajan or trust is interested it can be discussed and carried forward for the benefit of the community.

Our Mahajans etc. can study **the government Insurance schemes** and avail those facilities which are very cost effective.

Educate our people with regard to Health Insurance policies.

**KDO health insurance agents may be paid by our institutions additional commission equivalent to their normal commission, if they cover any KDO family for the first time.**

Further, I had a discussion with Shri Tileshbhai working in the office of K.D. Dharamshi, Prabhadevi, Mumbai. He was all praise for **few dedicated and sincere people in the KVO community, who have developed a net work of donors and utilise this network whenever they get any reliable information about the need of funds for medical purposes.** This solution is cost effective and can be adopted by our community. In my knowledge one such person in our community, who has such a good net work and does similar seva is Shri

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

Narendrabhai Shiyad of Dombivli. There may be few others but I don't know. Let number of such dedicated people increase.

This is a field which has to be tackled from all fronts.

**5.** The subject of Strengthening of existing Institutions needs no further emphasis. Ours is a small community. Our fore fathers and we have created many social institutions and have been running them successfully. As prudent and wise finance managers we should not squander our limited resources on duplicity. We should also realise our managerial limitations and needs. So any proposal to start an institution which will have similar functions as that of an existing one, it should be nipped in the bud and shall not be encouraged at all. If we dig one foot in hundred places we will have 100 useless pits. Instead, if we dig 100 feet in one place we will have a well supplying water for all times to come. This discipline will take forward our community much faster.

**6.** Regarding attitudinal change I have written an article, which may be published in Prakash Samiksha in few weeks. Please treat that as part of this article also.

To sum up, each one of us is an integrated package of strength and weakness. As a Team, your strengths cover up my weaknesses and my strengths compliment your weaknesses. The most fundamental responsibility of organisational leadership is building our team for 16/16. It will design superbly the destiny of our community.

Excellent people are there, but they need a vision to work for. 16/16 is an ideal to pursue. Good becomes best in the hands of right leadership. The difference between so many ordinary people remaining ordinary and those few ordinary people who turn themselves into extraordinary people is their ability to give up the known to embrace the unknown. Daringly step into the unknown. Through you, let some unknown possibility become known.. and thus, you will leave your signature in the history of time.

**LET'S START, PLAY AND WIN THE GAME 16/16.**

## પરસ્પર સહમતિથી છુટા છેડા

રોનક મહેન્દ્ર મોતા (નલીયા - સી વુડ નવી મુંબઈ) અને વીની ધનેશ લોડાયા (સાયરા - ભુવનેશ્વર ) કૌટુંબિક પરસ્પર સહમતિથી છુટા થયા છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN®
TOURS & TRAVELS
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

રાપર ગઢવારી અતિથીગૃહના લોકાર્પણ સમારોહ નિમિત્તે એ અંગે જહેમત લેનારો આગેવાનો, દાતાઓ તેમજ રાપરગઢવારી ગામ અને આસપાસના ગામોના જ્ઞાતિજનોએ હ્દય પુર્વક શુભકામના. - ચીમન મોતા

શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**



C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## શબ્દાનંદ

### આડી ચાવી

૧. પર્વ, ખુશાલીનો દિવસ (૪)
૫. સોબત તેવી ... (૩)
૮. પૃથ્વીની સપાટી (૪)
૧૦. અવસર પર ગવાતું ગાણું (૨)
૧૧. કાગળની કપાયેલી પટ્ટીઓ (૪)
૧૩. કલાકારીથી ભરપુર (૪)
૧૫. નિર્દોષ, ભોળું (૩)
૧૬. વ્યવસાય, ધંધો (૨)
૧૮. સુંદર સ્ત્રી (૨)
૨૦. હાથ, ટેક્સ (૨)
૨૧. કુસ્તી લડનાર (૨)
૨૨. મરી જાય તેટલું (૫)
૨૫. કન્યાને વરપક્ષ તરફથી આપવામાં આવની લુગડાની ભેટ (૩)
૨૬. સાડલાનો લટકતો છેડો (૩)
૨૭. રમતાં રમતાં સધાય એવું (૫)
૨૯. તીર (૨)
૩૦. વેલ (૨)



૩૨. ઈન્સાફની કચેરી (૪)
૩૩. હસવાથી ગાલમાં ખાડા પડે તે (૩)
૩૫. પનો, (૨)
૩૬. જૂઠું બોલવાની ટેવ વાળું (૩)
૩૭. ગામના પાદરની ગોચર જમીન (૩)

### ઊભી ચાવી

૨. નવાઈ પામેલું, આભું (૩)
૩. અસ્તવ્યસ્ત, વેરણછેરણ (૬)
૪. એક પક્ષી (૩)
૬. કાયદા પ્રમાણે કાચી ઉમરનું (૩)
૭. આસકત, લીન (૨)
૯. રાજેન્દ્ર કુમાર - ધર્મેન્દ્રની ફિલ્મ (૪)
૧૧. નહિંમત (૩)
૧૨. રક્તવાહિની (૨)
૧૪. ભાવ, મૂલ્ય (૨)
૧૭. પાણીમાં ઉત્પન્ન થતું (૩)
૧૯. વહીવટદાર (૬)
૨૦. લેખાણ, દસ્કત (૩)
૨૧. સમય, મુદત (૪)
૨૩. અવાજ (૨)
૨૪. મુખ્ય દરવાજો (૩)
૨૫. ઔખધ (૨)
૨૮. ગાવાની ઢબ (૩)
૨૯. રદ, નકામું (૩)
૩૧. સાર, તાત્પર્ય (૩)
૩૩. આ... લૌટ ચલે (૨)
૩૩. ભાગ, (૨)
૩૪. પર્વત (૨)

- વનિતા નાગડા

---



**NUMBER GAME**

**IN THIS BOX, YOU HAVE TO FILL FOLLOWING NUMBERS :**

**2 Digit Nos :** 17, 21, 32, 47, 52, 56, 64, 69, 81, 84, 95.

**3 Digit Nos :** 167, 223, 237, 451, 534, 623, 753, 824.

**4 Digit Nos :** 1354, 1482, 2917, 3184, 3198, 4615, 5824, 6349, 7489, 7694, 9536.

**5 Digit Nos :** 19136, 21436, 25114, 35129, 38275, 43169, 48235, 61492, 62754, 84126, 94127.

**6 Digit Nos :** 123978, 293478, 319235, 428657, 912784



**Do you want to know the world?**
**Then look at it closely.**
**Do you want to like it?**
**Then look at it from afar.**

***- Ion Caragiale***

## પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શાંતિજિન કન્યા શિબિરાર્થીઓએ પાંચ ગામની વિહારયાત્રા કરી

તપસ્વીરત્ન અચલગચ્છ પ.પુ. ગુણોદય સાગર સુરીશ્વરજી મ.સા, સાહિત્ય દિવાકરજી પૂ. આ. ભ.શ્રી કલાપ્રભ સાગર સૂરીશ્વરજી મ.સા.ના આશિષથી તેમજ સાધ્વી મુખ્યા. પ.પૂ નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પરમસાધ્વીજી પુણ્યોદયશ્રીજીના શિષ્યા, પ.પૂ સાધ્વીજી વિપુલગુણાશ્રીજી મ.સા., નયગુણાશ્રીજી મ.સા. આદી ઠાણા ૧૨ની શુભ પાવન નિશ્રામાં શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ દ્વારા વિહારયાત્રા, તીર્થયાત્રા સહ કન્યા જ્ઞાન શિબિર તા. ૨૪.૦૫.૧૪થી ૨૯.૫.૧૪ સુધી કચ્છ અબડાસા મધ્યે યોજાઈ હતી.

આ શિબિરનો સંપૂર્ણ લાભ માતુશ્રી ખોતબાઈ હંસરાજ વિસનજી લોડાયા - આરિખાણા હાલે મુલુંડ તથા સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી (જૈન) પરિવાર - કોઠારા - મુલુંડએ લીધેલ. આ શિબિરમાં ૧૮૦ કન્યાઓએ ભાગ લીધો હતો. અને પાંચ દિવસ એક તીર્થથી બીજા તીર્થ સુધી પગપાળા વિહાર યાત્રા કરેલ.

૮ થી ૧૧ વર્ષની લગભગ ૩૦ -૪૦ કન્યાઓએ ચાલીને વિહાર યાત્રા કરેલ. દરેક કાર્યક્રમ અને વિધિવિધાન, અનુષ્ઠાનમાં હોંશભેર પ્રવૃત રહી હતી. આ કન્યાઓ અલગ અલગ ગામમાં અલગ નાટક, નૃત્ય, ચામર, ભાવના વખતે ગામમાં દરરોજ વિવિધ રમતો તેમજ પૂ. મહારાજશ્રી દ્વારા લેવાયલે પરીક્ષાઓમાં ભાગ લીધો હતો. દાતા પરિવાર તરફથી વિજેતા કન્યાએ ઈનામો આપવામાં આવેલ. ૨૦ કન્યાઓએ એકાસણા કરેલ અને ૧૫ કન્યાઓને ઉપવાસ કરેલ. દાતા પરિવાર તરફથી અનુક્રમે રૂા. ૧૦૦/- અને રૂા. ૨૦૦/-ના પ્રોત્સાહન આપવામાં આવેલ.

સુથરી ગામની ૬ જૈનેતરના કન્યાઓએ સ્વાગત કરેલ તેમનું પણ બહુમાન કરીને રૂા. ૫૦૦નું પ્રોત્સાહક આપવામાં આવેલ. લક્કીડ્રોમાં અલગ - અલગ આઈટમો તેમજ ઈનામો આપવામાં આવ્યા.

શિબિર સાંધવ ગામથી પ્રારંભ થયેલ. સાંધવ મહાજને આગતા જોરદાર સ્વાગત કરેલ. બીજા દીવસે વરાડીયા ગામે જતાં વરાડીયા મહાજને પણ ભવ્ય સ્વાગત કરેલ. ત્રીજા દિવસે કોઠારા તિર્થે કોઠારા મહાજને શાનદાર સ્વાગત કરેલ. ચોથા દિવસે સાંયરા તિર્થ સાંયરા મહાજને રોનકદાર સ્વાગત કરેલ. પાંચમા દિવસે સુથરી તીર્થે સુથરી મહાજને પણ શાનદાર સ્વાગત કરેલ.


**"સેલ" "સેલ" "સેલ"**

***"આંગણે અવસર આવ્યા હોય, કે ઉજવવાના હોય કોઈ ઉત્સવ, ઉલ્લાસના પ્રસંગે સદા બહાર"***

**"પાલવના"**

બાંધણી, ઘરચોળા અને વિવિધ વસ્ત્રો અમારા માનવતા ગ્રાહકો માટે

**ભવ્ય વાર્ષિક સેલ ૧૦% થી ૪૦%** સુધી ડિસ્કાઉન્ટ

**તા. ૧૦ જુન ૨૦૧૪ મંગળવારથી**

**• બાંધણી • ઘરચોળા • ડ્રેસ મટેરિયલ • બોર્ડર • બ્લોક પ્રિન્ટેડ ફેબ્રિક • ડિઝાઈનર કુટવેઅર.**

**પાલવ શોપ નં. ૧, ઓ વિંગ, વર્ધમાન નગર**

**ફોન : 25616842 - 25906287**

**સેલ દરમ્યાન રવિવારે દુકાન ચાલુ રહેશે.**

## સાંધવ ગામના વાછરાદાદાની પહેડી

સાંધવ ગામના વાછરાદાદાની પહેડી પ્રસાદ તેમજ ભુવાશ્રીજીની ગંધી બદલાવવાનો કાર્યક્રમ તા. ૨૫.૪.૧૪ના સાંધવ ગામે રાખવામાં આવેલ.

તા. ૨૪.૪.૧૪ના સવારના ભુજથી સર્વે જણ માતાનો મઢ - પાર્શ્વ પ્રજ્ઞાલાય - નેત્રા માતા - જખ બંઉતેરા - તેરા - પરજાઉ - રાપર ગઢવારી - પીંગલેશ્વર - આરીખાણાના દર્શન કરી સાંધવ પધાર્યા.

સાંજના હનુમાનજીનો લોટ ત્યારબાદ મહાકાલીમાતાજીની ભાવના રાખવામાં આવેલ.

તા. ૨૫.૪.૧૪ના વાછરાદાદાની તેમજ ભુવાશ્રીની ગંધી બદલાવવાનો પહેડી પ્રસાદ રાખવામાં આવ્યો. પહેડી પ્રસાદમાં ૫૦૦ થી વધારે સંખ્યામાં મુબંઈથી ૨૦૦ જણની સંખ્યામાં પધારેલ. સાંધવવાસીઓ, નિયાણીબહેનો, કોઠારા - પરજાઉં - વારાપધર - સાંયરા - વરાડીયા- દેઢીયાથી ભાવિકો પધાર્યા. મુંબઈથી જયેશ જૈન, પ્રજ્ઞેશ જૈન, નિલેશ પટેલ, જયેશ દંડ, કીરણ દંડ, વિનોદ લાલકા, કુસમ લાલકા, સોમચંદ નાગડા, મનોજ ખોના, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ, મેહુલ લોડાયા, હિરાચંદ ફુરવા, પ્રવિણ મોતા, વિરચંદ ખોના, ભરત ખોના, સાંધવ ગામવાસીઓ સર્વે પહેડી પ્રસાદનો લાભ લીધેલ. માંડવી આશ્રમના ૫૦ અંતેવાસીઓને પણ પહેડી પ્રસાદમાં બોલાવેલ. કલ્યાણક પુજા રાખવામાં આવેલ.

સાંજના લાલ છતાપીર, પંજોરા પીરનો પહેડી પ્રસાદ રાખવામાં આવેલ. રાત્રે, કિશોર સંગારના સથવારે વાછરાદાદાની ભક્તિ ભાવના તેમજ રાસ ગરબાનો પ્રોગ્રામ રાખવામાં આવેલ સર્વે ગામ વાસીઓએ લાભ લીધેલ.

તા. ૨૪.૪ થી ૨૬.૪ સુધી ત્રણ દિવસનો લાભ શ્રી શાંતિજિન જૈન જાગૃતિગ્રુપ મુંબઈ એ લીધેલ. દિવસના પ્રોગ્રામ, પ્રભુજીની ભવ્ય અંગરચના, રાત્રે ભાવના, વાછરાદાદાની ભક્તિ ભાવના રાખવામાં આવી.

## સાધવના લોડાયા પરિવારના દેવસ્થાનના કાર્યક્રમ

સાંધવ ગામમાં લોડાયા પરિવારના ૮૦ જણની સંખ્યામાં ભાવિકો પધારેલ. તા. ૨૬.૪.૧૪ લોડાયા પરિવારના પિતૃ (નારાયણ સરોવર)માં કરવામાં આવેલ. રાત્રે સાંધવગામે પિતૃ પાઠ માંડવામાં આવેલ. દરેક કુંટુંબના પિતૃ આવેલ.

તા. ૨૭.૪.૧૪ના સવારના સચ્ચામાતાજીની સખત - માતાજી - સતીમાતાજીની પહેડી પ્રસાદ રાખવામાં આવેલ. ત્યારબાદ સમુહમાં છેડા - છેડી છોડવાના જુહાર, નામકરણવિધી રાખવામાં આવેલ. માતાજીની ધજા ચડાવવામાં આવેલ. સખતમાતાજી, સતિમાતાજી, પુડશા દાદાની ગંધી બદલાવવામાં આવેલ. સારી સંખ્યામાં લોડાયા પરિવાર હાજર રહેલ. ત્રણ દિવસ સુધી સચ્ચામાતાજીની પહેડી પ્રસાદ આરતીનો લાભ લોડાયા પરિવારે લિધેલ.

## શ્રી આકોલા તીર્થે ૧૧૦મો ધ્વજા મહોત્સવ

જ્ઞાતિ શિરોમણી શ્રી શેઠ વિસનજીભાઈ ત્રીકમજીભાઈ સરનાઈટ દ્વારા સ્થાપિત શ્રી આદિનાથ દાદા જિનાલયની ૧૦૯ મી વર્ષગાંઠ જેઠ સુદ શુક્રવાર તા. ૩૦.૫.૧૪ ના અતિ ઉલ્લાસથી ઉજવવામાં આવી. ધ્વજારોહણનો લાભ તથા સકળ સંઘના સ્વામી વાત્સલ્યનો લાભ પણ પુ. માતુશ્રી કસ્તુરીબેન મેઘજી ધેલાભાઈ લોડાયા પરિવાર આકોલા (વારાપધર) એ લીધેલ.

શ્રી આકોલા સંઘ દ્વારા કાયમી સ્વામી વાત્સલ્યનો મંગલમય પ્રારંભ આ શુભ પ્રસંગે કરવામાં આવેલ. ઉદઘાટનનો લાભ પૂ. માતુશ્રી કસ્તુરીબેન મેઘજી લોડાયા પરિવારે ઉદારતાપુર્વક વિશેષ આર્થિક યોગદાન આપી લીધેલ. આકોલા સંઘ દ્વારા દાનશુર પરિવારનું વિશેષ બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે પૂ. માતુશ્રી કસ્તુરીબેન મેઘજી લોડાયા પરિવારના સભ્યો તેમજ સ્નેહીજનો મુંબઈ, હુબલી, જલગાવ, પાચોરા, ઈન્દોર, યવતમાલ, કારંજા, બડગરા, ખામગાંવથી પધારેલ.

પ્રસંગને પૂ. શ્રી સાગરસૂરીજી મ.સા. સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી પ્રીતીધર્માશ્રીજી આદિની પાવન નિશ્રા પ્રાપ્ત થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, ભાડુંપ માતૃહૃદયા પ.પૂ.સા.શ્રી ગુણમાલા શ્રીજી મ.સા.ની પ્રથમ પૂણ્યતીથી ઉજવાઈ

પ.પૂ.સા.શ્રી ગુણમાલા શ્રીજી.મ.સા.ની પ્રથમ પુણ્યતિથી સહહૃદયી સા.શ્રી. નરેન્દ્રશ્રીજી મ.સા.ના ઉપવનના જાજરમાન પુષ્પો પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા. પૂ.સા.શ્રી કનકપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી અરૂણ પ્રભાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી ધૈર્યપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ જીવન અનુમોદનાર્થે પુરૂષાદાનીય ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન સાધ્વીજી ભગવંતના સંસારી કુટુંબીજનો સાંયરાના મા. ખેતબાઈ ખીમજી લાપશીયા તથા બાયઠના મા. સોનબાઈ મેઘજી ગોશર તરફથી ભણાવવામાં આવ્યું.

આ અવસરે સા. શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા.સા.ભી, અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.,સા.શ્રી. હિતપ્રજ્ઞા શ્રીજી મ.સા., સા.શ્રી. નયદર્શનાશ્રીજીમ.સા., સા.શ્રી તીર્થગુણાશ્રીજી મ.સા. તથા સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી, મ.સા.આદીઠાણા ૧૮ અને ૬૫૦સંબંધીઓ વિવિધ સંઘોના પદાધિકારી અને ગુરૂભકતો અને ભાડુંપવાસીઓ હાજર રહી પૂજનમાં બેસી સ્વામીભકિતનો લાભ આપી દેવદ્રવ્યમાં પૂર્તિ કરી. જીવદયામાં રૂ! ૬૯૦૦૦/- ભરાવ્યા હતા.

સા.શ્રી હિતપ્રજ્ઞાભીજી મ.સા.એ નીતરતા નેત્રે સા.શ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના ઉપકારોને યાદ કરી શ્રધ્ધાંજલિ અર્પી. શ્રી.ક.દ.ઓ.જૈન સંઘ તરફથી શ્રી કુમાર દંડ અને લહેરચંદભાઈ મૈશેરીએ પૂજયશ્રીની ભાડુંપ સંઘ પ્રત્યેની ઉછળતી લાગણીઓ સમ્યગ્ જ્ઞાન પ્રત્યેની નિષ્ઠા, સિંહત્વભર્યા શંખનાદ અને ૧૬-૧૬ ભવ્યાત્માઓને સંયમ માર્ગી બનાવવા જેવા અનેક ઉપકારોને ભીતરના ભાવે ભીંજવ્યા હતા.

## રાયપુર - છત્તીસગઢના શ્રી ચન્દ્રેશભાઈ છેડા આગામી સંમેલનના પ્રમુખ નિમાયા

આગામી જ્ઞાતિ સમેલ્લન રાયપુર મુકામે ૨૬.૨૭, ૨૮ ડીસે ૨૦૧૪માં મળવાનું છે. એના પ્રમુખ પદે શ્રી ચન્દ્રેશભાઈ વીરચંદ છેડા રાયપુરની સર્વાનુમત્તે નિમણુંક યજમાન મહાજનશ્રી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ છતીસગઢએ કરી છે. શ્રી ચન્દ્રેશભાઈ સમસ્ત મહાજનના ટ્રસ્ટી પદે પણ છે.

## શ્રધ્ધા સુમન



**શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા**

(સુથરી - મુલંડ)

અરિહંત શરણ :

તા. ૧૧.૦૫.૨૦૧૪

**હે સખા!!!**

**હે મિત્ર, શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા**

*એવીતે શું ઉતાવળ હતી, આભની અટારી આંબવાની...*
*હજીતો જીવનમાં કેટલાય કીર્તિમાન સ્થાપવાના હતા...*
*હજી તો જીવનમાં કેટલાય નિશાન સાધવાના હતા....*

*હજી તો જીવનમાં કેટલીય નવરચનાઓ કરવાની હતી...*
*હજી તો ભર્યો ભાદર્યો આ સંસારરસ માણવાનો હતો...*
*હજી તો ઈન્દ્રધનુષના રંગો જીવનમાં ભરવાના હતા...*

*આમ અચાનક મહેફીલમાંથી ઉઠી શેં જવાય?*
*હવે કોનો કરશું સંગ?*
*હવે કોણ પૂરશે રંગ?*
*આતો મહેફીલમાં પડયો ભંગ...*
*સાંભરશો સદાય સ્વજન!!!*

**નિરંજન કેશવજી ભોમાયા** તથા
**કેશવજી વેલજી ભોમાયા સમસસ્ત પરિવાર** (વરાડીયા - મસ્જિદ બંદર)

## જીવન ઊજાગર કન્યા સંસ્કાર શિબિર છેલ્લા કવરથી ચાલુ

આ શિબિર દરમ્યાન કન્યાઓને ધાર્મિક અભ્યાસ સિવાય સમાજ અને ઘરમાં કઈ રીતે વર્તણૂક કરવી એનું જ્ઞાન આપવામાં આવે છે. પ.પૂ. મહોદયશ્રીજી મ.સા. અને આદિ ઠાણા પ.પૂ. વિનયપ્રભા શ્રીજી મ.સા., પ.પૂ. દિવ્ય પ્રભાશ્રીજી મ.સા. પ.પૂ. યશોદયાશ્રીજી મ.સા., પ.પૂ. નિરાગરત્નાશ્રીજી મ.સા., પ.પૂ. મુક્તિરત્નાશ્રીજી મ.સા., પ.પૂ. હર્ષનિધિશ્રીજી મ.સા. પ.પૂ. સંસ્કાર નિધિશ્રીજી મ.સા., અને પ.પૂ. શ્રેયસકરાશ્રીજી દ્વારા વિવિધ જ્ઞાનને અલગ અલગ રીતે વહેંચી નાખવવામાં આવ્યું હતું.

દરરોજના કાર્યક્રમ : સવારે ૫.૩૦ થી ૬ યોગા ક્લાસીસ, ૬ વાગ્યા થી ૭ દરમ્યાન તળેટી દર્શન સાથે સાથે આજુ બાજુના એક થી બે દેરાસરો દર્શન - ચૈત્યવંદન, ૭.૧૫ થી ૮ ગુરૂવંદન અને પછી અભ્યાસ પાઠશાળા. ૮ થી ૯ નવકાશી, ૯ થી ૧૦ વિવિધ ગાથાઓ ગોખવવાની અને પાકી કરાવવાની, ૧૦ થી ૧૦.૫૦ સમાયિક સાથે વ્યાખ્યાન ૧૧.૧૫ થી સ્નાત્ર પુજા, અષ્ટપ્રકારી પૂજા, ૧૨.૩૦ થી ૧.૩૦ ભોજન, ૨ થી ૩ સમાયિક એ દરમ્યાન ધાર્મિક પેપરની વિવિધ હરિફાઈઓ જેમકે ગવલી, રંગોલી, ખાલી જગ્યા પૂરો, વિવિધ અવનવી ગેમ, ૪ થી ૫.૩૦ વિવિધ રમત ગમત અથવા આંતાક્ષરી (સ્તવનની) માં અલગ અલગ રમતોનો ભંડાર, ચોવિહાર, ૭.૩૦ થી સંધ્યા ભક્તિ અને આરતી ૮.૧૦ થી પ્રતિક્રમણ અને ૯.૧૫ થી ૧૦.૦૦ સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંતમાં ચારિત્ર વંદનાવલિ, ગિરિપુજન સરસ્વતિમાતાનું પુજન, મહાકાલી માતાની ભાવના વગેરે કાર્યક્રમો પણ રાખવામાં આવેલ. એક દિવસ જાત્રાનું આયોજન રાખવામાં આવ્યું હતું. એક દિવસ આદપર અને હસ્તગિરી દર્શન,

આ શિબિરનો મૂખ્ય ઉદ્દેશ્ય એકજ છે કે આજના સંજોગોમાં બાળકો મોબાઈલ, ટીવી અને હરવા ઈચ્છા સિવાય કોઈ પ્રવૃતિ વેકશનમાં કરતા નથી પણ આ શિબિરમાં ટી.વી. જોવાનું સદંતર બંધ રાખેલ, ફક્ત એક ક્લાક મોબાઈલ વાપરવાની છુટ અપાયેલ. ધાર્મિક અભ્યાસ જ્યારે ક્યો ન હોય અહીંયા શિખવવામાં આવે આ રીતે રમત ગમત સાથે જ્ઞાન લઈ જાય.

વ્યાખ્યાન માં પણ રોજ આ અલગ અલગ વિષય ઉપર પ.પુ. યશોદયાશ્રીજી મ.સા. વિવિધ વાનગીઓ સ્વરો દ્વારા પીરસતા હવા.

ઉજમ ફઈ, ચંદનબાળા અને અન્ય જૈન નારી રત્ન પાત્રોની વિવિધ નાટકો દ્વારા કન્યાઓએ ખુબજ સુંદર રીતે રજુઆત કરી હતી.

સ્તુતિ, ગાથાઓ, વાર્તાઓનો અભ્યાસ ક્ર્યા બાદ છેલ્લા દિવસે પરીક્ષા પણ રાખવામાં આવી હતી. શિબિર દરમ્યાન શ્રેષ્ટ શિબિરાર્થી તરીકે કિંજલ ખોના, ખુશ્બુ શિયાળ અને ભૂમિ ગોરને ઈનામો આપવામાં આવ્યા હતા. આ શિબિરમાં સુથરીથી દરજી સમાજની કન્યાઓએ પણ ભાગ લીધો હતો.

આ શિબિરમાં કેરટેકરો નીતાબેન, મીનાબેન, વિમલબેન, પદમાંબેન (કચ્છથી) અને રાજુલાબેન (કોચીનથી) સેવા આપવા આવ્યા હતા.

આ સંપુર્ણ શિબિર દરમ્યાન તિલેશ મૈશેરી, પરેશ લોડાયા, અજય લોડાયા, હિરાચંદભાઈ, હંસાબેન બહુજ જહેમત ઉપાડી હતી. ભોજન વ્યવસ્થા ફાઈવ કેટરર્સે સંભાળી. નરશીનાથા ધર્મશાળામાં રસોડું રાખવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ અને મેનેજર નવીનભાઈએ ખુબજ સાથ સહકાર આપ્યો હતો.

### ભુલ સુધાર

**પ્ર. સ. તા. ગતાંક (નં. ૨૩)માં અનંત છાયા જિનાલય ચલ પ્રતિષ્ઠા પ્રસંગ સંદર્ભે પ્રગટ થયેલ અહેવાલમાં હકીકત દોષ થયેલ છે. હકીકતમાં, ચલપ્રતિષ્ઠા નિમિત્તે જી.વી.સી. સંઘ દ્વારા યોજયલે સ્વામી વાત્સલ્ય પ્રસંગે નહીં પરંતુ તે પછી રાત્રિના સમયે ભાડુતોમાંથી આગળ પડતો ભાગ લેતા કેટલાક જ્ઞાતિજનોએ અનંતછાયાના પટાંગણમાં યોજેલ દાંડિયા રાસના કાર્યક્રમમાં કાંદા - બટાટા - લસણ વાલી વાનગી રાખેલ. તે બાબતે ત્યાં વસતા અનેક જ્ઞાતિજનોએ આવા શુભ અને પવિત્ર દિવસે આ પ્રકારના ભોજન રાખવા અંગે સખત વાંધો લીધેલ તેની અવગણના કરાયેલ તેની માહિતી કમ્યુનિટી વેલફેર ટ્રસ્ટના નામે અંગ્રેજીમાં પત્રમાં આપવામાં આવી હતી.**

## નવા/બદલાયેલા સરનામા– (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વીરેશ ડી. નાગડા** | ફ્લેટ નં. ૩૦૪, મહાલક્ષ્મી એવેન્યુ, પ્લોટ નં. ૨૭, સેક્ટર ૩૬, કામોઠે, નવી મુંબઈ - ૪૧૦૨૦૯ |
| **રતિલાલ ડી મોમાયા** | એ - ૧, રામનિકેતન (જી. એફ), જે. એલ. તાંબે નગર, એસ.એન.રોડ. મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦૦૮૦ |
| **ઈન્દ્રકુમાર શામજી ધરમશી** | બી-૧૧૧, પહેલે માળે, અનંત રેજીન્સી, મદન મોહન માલવીયા રોડ, એમ.ટી.એનલની સામે, મુલુંડ (પ), મુંબઈ - ૪૦૦૦૮૦ |
| **કિરીટ કુંવરજી કુરૂવા** | ૨૨૮/૨૨૯, ૬૦ ફીટ રોડ, બી /૧, નીલધારા બિલ્ડીંગ, દિંગબર જૈન મંદિરની નજીક, ઘાટકોપર (પુ), મુંબઈ ૪૦૦૦૭૭. |
| **વનિતા સુરેશ છેડા** | ફ્લેટ નં. ૮૦૩, ૮માં માળે, પુર્ણિમાં દર્શન, કો.ઓ.હો.સો.લિ. ૯૦ ફિટ રોડ, મુલુંડ (પુ), મુંબઈ ૪૦૦૦૮૧. |
| **જીનન રાજેન્દ્ર લોડાયા** | પ્લોટ નં. ૪૮, કંચન વિહાર, કારંજા (લાડ), - ૪૪૪૧૦૫ |
| **અશોકભાઈ બાબુભાઈ લાપસીયા** | એ વિંગ, રુમ નં. ૩, ત્રિગુણા કો.ઓ.હો.સો.લિ. સંગિતા વાડી, નેરુલકર રોડ, પદમશી હોસ્પિટલની નજીક, ડોંબિવલી (પુ) - ૪૨૧૨૦૧ |

## નવા/બદલાયેલા ફોન નંબર

**અશોકભાઈ બાબુભાઈ લાપસીયા** 09920474704

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

| | | | | |
|---|---|---|---|---|
| | | **જન્મ** | | |
| ૦૨.૦૫.૧૪ | મુલુંડ | વિહાન-કાજલ/વિક્રાંત કાંતીલાલ ખોના | જખૌ | પુત્ર |
| | | **સગપણ** | | |
| ૦૧.૦૫.૧૪ | સાંગલી | રિપેશ રાજેશ ભવાનજી મોતા | વારાપધર | ૨૪ |
| | ડોંબિવલી | તેજલ પંકજ વિસનજી ખોના | તેરા | ૨૨ |
| ૨૯.૦૫.૧૪ | અંકલેશ્વર | અંકિત જિતેન્દ્ર દેવજી મોતા | તેરા | ૨૫ |
| | અંતરજાળ | અલ્પા મયુર જેઠાભાઈ લોડાયા | નલીયા | ૨૪ |
| ૩૦.૦૫.૧૪ | અમદાવાદ | કરણ લક્ષ્મીચંદ માણજી મૈશેરી | બાંઢીયા | ૨૪ |
| | નાશિક | પુજા કિરણ જીવરાજ લોડાયા | બાંઢીયા | ૨૧ |
| | | **સગપણ (છુટું થયુ)** | | |
| ૦૪.૦૬.૧૪ | કાંટોલ | પ્રતીક સત્યેન્દ્ર તીલકચંદ ખોના | તેરા | ૩૧ |
| | ઘાટકોપર | તન્વી પ્રદીપ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૨૮ |
| | | **લગ્ન** | | |
| ૧૯.૦૫.૧૪ | મુલુંડ | પારસ લહેરચંદ શામજી નાગડા | નલિયા | ૨૯ |
| | મુલુંડ | શ્વેતા હિરાચંદ ઉમરશી છેડા | સુથરી | ૨૯ |
| | | **આંતર જ્ઞાતિય લગ્ન** | | |
| - | મુલુંડ | અમિત હેમેન્દ્ર પ્રેમજી લોડાયા | વારાપધર | - |
| | - | હિનલ રસીક પ્રેમજી ગંગર | લાખપર | - |
| | | **મરણ** | | |
| ૩૧.૦૫.૧૪ | ભાંડુપ | પ્રેમાબાઈ ધનજી કેશવજી લોડાયા | મંજલ | ૮૭ |
| ૦૧.૦૬.૧૪ | મલુંડ | મણિબાઈ વેલજી દામજી પોલડીયા | ડુંમરા | ૭૪ |
| ૦૧.૦૬.૧૪ | ઉદયપુર | ગુણવંતીબાઈ હિરજી શામજી લાપસીયા | દલતુંગી | ૮૧ |
| ૦૪.૦૬.૧૪ | ઘાટકોપર | ગુણવંતીબાઈ ધનપતી રાયચંદ કાયાણી | જખૌ | ૮૦ |
| ૦૫.૦૬.૧૪ | ખામગામ | વેજબાઈ ગોવિંદજી નરપાર નાગડા | તેરા | ૮૭ |

# સાંધવ કચ્છની ધીંગી ધરાએ શિબિરાર્થીનો ભવ્ય ઈતિહાસ રચાયો

પ.પુ. સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૧૩ પધારતાં તેમજ ૧૮૦ શિબીરાર્થી કન્યાઓ તેમજ બંને દાતા પરિવારો માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા (આરીખાણા) સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર તા. ૨૪.૫.૧૪ સાંધવગામે સવારના પધારતાં સાંધવ શ્રી ક.દ.ઓ. જૈન મહાજન દ્વારા ભવ્યાતિ ભવ્ય સામૈયો કરવામાં આવેલ.

સામૈયામાં ખોંભાના છાલ પહેરીને બેડા લઈને શોભતી બહેનો, ભુજથી આંતા બેન્ડ પાર્ટી શણગારેલી વેલ, ઢોલ શરણાઈ વાદક, ગામેગામથી પધારેલા મહાનુભવો, ગામવાસીઓ, જૈન - જૈનેતર - બહોવી સંખ્યામાં સામૈયામાં સામેલ થયેલ. કોઠારા, વરાડીયા, વારાપધર, તેરા નલિયા, જખૌ, સાંયરા ગામેગામના મહાજનો તેમજ મુંબઈથી સાંધવવાસીઓ, રાયચંદ દંડ, પ્રવિણ મોતા, રસીકભાઈ લોડાયા, વિપુલ પટેલ, ખુશાલ પટેલ, રાજેશ દંડ, વિરચંદ લોડાયા, હિતેશ પટેલ, રાજેશ દંડ, કસ્તુરીબાઈ લોડાયા, હીના લોડાયા, જ્યોત્સના દંડ, દમયંતી દંડ, મીના દંડ, કલ્પના લોડાયા, વિજયા પટેલ, જીજ્ઞા પટેલ, સાંધવના શાંન્તિલાલ લોડાયા, દીલીપ પટેલ, દીલીપ લોડાયા, રાજેશ પટેલ, રામજી દંડ ગામના સરપંચ શ્રી માજી સરપંચ, નિયાણી બહેનો સર્વે હાજર રહ્યા હતા. શિબિરનો પ્રારંભ સાંધવથી શાંન્તિનાથ દાદાની શિતલ છાયામાં થયેલ.

સવારના ૯.૩૦ કલાકે શ્રી ૧૦૮ શાંતિનાથ અભિષેક સ્નાત્ર અનુષ્ઠાન રાખવામાં આવેલ. ત્યારબાદ અલગ અલગ પ્રોગ્રામ રાખવામાં આવેલ રાત્રે પ્રભુજીની ભવ્યક્તિ ભવ્ય અંગરચના તેમજ પ્રભુજીની ભક્તિ ભાવના પાલીતાણાથી આવેલ દીવાવાળાએ દેરાસરજીને ઈન્દ્રાસન બનાવેલ.

સાંધવ મહાજનના ટ્રસ્ટીગણોએ બંને દાતા પરિવાર તેમજ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપનું બહુમાન કરેલ. દાતા પરિવાર દ્વારા સાંધવ મહાજનના પ્રમુખશ્રી શામજી નરશી દંડનું બહુમાન કરવામાં આવેલ. તેમજ પુજારી તેમજ મહેતાજી રસોડા ખાતે, વોચમન બધાની અનુમોદના કરવામાં આવેલ. સાંધવના પ્રમુખશ્રી એ કહ્યું કે પ.પુ. સાધ્વીશ્રી ભગવંતો તેમજ કન્યાઓના પગલાં સાંધવગામે થતાં અમો ધન્યતા અનુભવી છીએ.

દાતા પરિવાર તરફથી સાંધવમાં ઘર દીઠ મીઠાઈ તેમજ કેસરોલની પ્રભાવના કરવામાં આવેલ.

અનુસંધાન ૨૭માં પાને

## ભાંડુપના યુવા સમાજિક કાર્યકર - રાજેશ જયંતીલાલ લોડાયા



અનંત સિદ્ધિ ભાડુંપમાં યુવા સામાજીક રહેતા કાર્યકર રાજેશ ભાઈએ સમાજ સેવા ક્ષેત્રે ઘણી પ્રગતિ કરી છે. તેઓ છેલ્લા પાંચ વર્ષોથી કચ્છી જૈન સમાજના લોકો અને અન્યો માટે મેડીકલ અને શૈક્ષણિક ક્ષેત્રે આર્થિક સહાય કરાવી આપે છે. તેમણે બહુમાન માટે નહી, પણ સમાજના લોકો માટે કામ કર્યુ છે. રાજ કારણમાં પણ એટલા માટે જ જોડાયા છે કે સમાજના લોકોને અને અન્યોને કામ આવી શકે.

તેમણે ભાડુંપ અંનત સિદ્ધિના કમ્પાઉન્ડમાં પેવર બ્લોકસ બેસાડી આપવાનું અને બોરવેલનું (પાણીનું) કાર્ય કર્યુ છે. કાંજુર માર્ગ અનંતનાથ કોમ્પલેક્સ અને અનંત સિદ્ધીની બાજુમાં શક્તિ બિલ્ડીંગમાં પણ પેવર બ્લોકસ બેસાડી આપવાના કાર્ય કર્યા છે.

થોડા ટાઈમ પહેલાં અનંત સિધ્ધની બહાર ગેટ પાસે બે ગુંડા મવાલીઓ એક છોકરીની છેડતી કરતા હતાં. રાજેશભાઈએ હિમંતકરી એટલે જનતાએ છેડતી કરનારાઓને બરાબરના પાઠ ભણાવ્યા.

રાજેશભાઈએ કોઈનો પણ બી.એમ.સી. અને એમ. એસ.ઈ.બી ના કામ માટે ક્યારેય ના નથી પાડી. કોઈ મરણ પામ્યું હોય ત્યારે સ્મશાન અને બી. એમ સીના કામ માટે રાતના બે કે ત્રણ વાગ્યા હોય તો પણ તેઓ હાજર થઈ જાય છે.

(સ્થાનિક રહેવાસીના પત્રપરથી સંકલન)

# સાંધવ કચ્છની ધીંગી ધરાએ શિબિરાર્થીનો ભવ્ય ઈતિહાસ રચાયો





દરેક ભાગ્યશાળીને દાતા પરિવાર તરફથી ૧૦ રૂાનું સંઘપુજન, સાંધવ જૈન સંઘ તરફથી રૂા. ૧૦ નું સંઘપુજન દરેક ભાગ્યશાળી શિબિરાર્થીઓને રૂા. ૨૧૦ નું સંઘપુજન કરવામાં આવેલ.

નીચે મુજબ ભાગ્યશાળીઓ એ લાભ લીધેલ.

૧. શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા - લોખંડવાલા - ઘાટકોપર, ૨. શેઠશ્રી શામજી નરશી દંડ - મુલુંડ, ૩. શ્રી. ઠાકરશી લાલજી પટેલ મુલુંડ, ૪. માણેકજી મેઘજી લોડાયા (બાબુકાકા) મુલુંડ, ૫. માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા ડોંબિવલી, ૬. શ્રી શામજી માણેકજી લોડાયા - થાણા, ૭. પ્રવિણ માણેકજી લોડાયા - થાણા, ૮. શ્રી પ્રકાશ માણેકજી લોડાયા - થાણા, ૯. માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ - મુલુંડ, ૧૦. માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ - મુલુંડ, ૧૧. માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ - વાપી, ૧૨. માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (ધમતરી) મુલુંડ, ૧૩. માતુશ્રી ખેતબાઈ સોમચંદ માલશી લોડાયા - ડોંબિવલી, ૧૪. શ્રી રાયચંદ નરશી દંડ - મુલુંડ, ૧૫. શ્રી રસીકભાઈ દેવરાજ લોડાયા - મુલુંડ.

શિબિરાર્થીઓ માટે પોતાની જે જગ્યાઓ વાપરવા આપેલ તે ભાગ્યશાળીઓ: માતુશ્રી મણિબાઈ મોતા, માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા, વિમલાબાઈ દંડ, પદમશી મેઘજી લોડાયા, ખુશાલ પટેલ, રઘુભા જોડેજા, ગોવિંદજી પટેલ, સમાજવાડી, ધૌલુભા ગોહિલ, ઠાકરશી પટેલ મહાજનશ્રી ખુબ - ખૂબ આભાર વ્યક્ત કરે છે.

સાંધવ ગામના આંગણે જે દાતા પરિવારે લાભ આપેલ એવા વિરલા પ્રવિણભાઈ, જયેશભાઈનો શામજી નરશી દંડ ખુબ - ખૂબ આભાર વ્યક્ત કરેછે.

તા. ૨૫.૫.૧૪ના સવારના ૫.૦૦ કલાકે ૫.પૂ.મ.સા. માંગલિક સંભળાવેલ. ત્યારબાદ સંઘપતિનું બહુમાન કરીને સંઘને વિદાય આપવામાં આવેલ સંઘમાં ઉંટગાડીઓ, શણગારેલી વેલ, વીરમગામના - ઢોલ શરણાઈ શણગારેલી બગીઓ સહિતનો સંઘ વરાડીયા ગામે પ્રયાણ કરેલ.

**લિ. ક.દ.ઓ. સાંધવ જૈન મહાજન વતી શામજી નરશી દંડ**





**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14 Iday of publication every Friday
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## જીવન ઊજાગર કન્યા સંસ્કાર શિબિર



શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૪.૫.૧૪ થી તા. ૧૯.૫.૧૪ દરમ્યાન પાલીતાણા નવલ - સોન - રાય શ્રમણી વિહાર (પુરબાઈ ધર્મશાળા) ખાતે પૂજ્ય સાધ્વીજી ભગવંત મહોદયશ્રીજી મ.સા.ની. નિશ્રામાં ૧૫ દિવસીય જીવન ઉજાગર કન્યા સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આખા ભારતભરમાંથી ૭૦ કન્યાઓએ લાભ લીધો હતો.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર દ્વારા આ રીતની બીજી શિબીર હતી. ૨૦૧૨માં પણ ૯૩ કન્યાઓએ ભાગ લીધો હતો.

અનુસંધાન ૨૪મા પાને




**ચિ. મીત અનિલ કચ્છી (ધરમશી)**

## ધરમશી તથા ખોના પરિવારનું ગૌરવ પ્રગતિના નવા સોપાન પર હાર્દિક અભિનંદન

**B.E. (EC) M.S. (comp). Hardware Engineer,**
**(N.C. State University Jan 2012)**
**Raleigh, N.C. USA**
હાલ **USA (NC Raleigh)**
**Qualcomm Technologies** માં
૨ વર્ષના સમયમાં **Senior Engineer**
ના પદે પ્રમોશન મેળવવા બદલ.
સર્વે પરિવાર જનો તરફથી ઉત્તરોત્તર
પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છા.

### શુભાશિષ

દાદીમાં : જયાબેન વાડીલાલ ધરમશી (ભરૂડીયા)
નાનીમાં : વિજયાબેન પ્રવિણચંદ્ર ખોના (રંગપુર)
મમ્મી - પપ્પા : અ.સૌ. કામિની અનિલ કચ્છી (ધરમશી)
હાલ વડોદરા મો. ૯૮૯૮૦૭૨૦૬૦

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI (Owner)** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**